


વર્ષ : ૧૭ ઓગસ્ટ-૧૯૯૬ અંક : ૧૧

## નીતિ કે સદાચાર વિના જીવનવિકાસ શક્ય નથી.

સંસારના બધા જ સુસંસ્કૃત ધર્મો ને ધર્મગ્રંથો માનવને માટે નીતિ કે સદાચારની આવશ્યકતાનો ઉપદેશ આપે છે. નીતિ કે સદાચાર વિનાનો માનવ મોટે ભાગે દાનવના જેવો છે. તેને કોઇ મર્યાદા અથવા તો ધર્માધર્મનું બંધન નથી. આ દશામાં તે એવાં કામ કરે છે જે સમાજની વ્યવસ્થા માટે ભયરૂપ થાય છે. સમાજની શાંતિ તેવા માણસને લીધે જોખમમાં મૂક્યા છે. આ ભય ટળે તે માટે ધાર્મિક પ્રકૃતિના પુરુષોએ કે પયગંબરોએ એક પ્રકારના ધાર્મિક કોડની રચના કરી છે; એક જાતના બંધારણનું ઘડતર કર્યું છે. આ બંધારણ સદાચાર કે નીતિના નિયમોનું બંધારણ છે. ધર્મના અનુયાયી કે આત્મિક માર્ગના પ્રવાસીને માટે આ બંધારણનું પાલન જરૂરી મનાય છે. તે વિના જરૂરી જીવનવિકાસ થઇ શકતો નથી. જ્યારે વસ્તુસ્થિતિ આવી છે ત્યારે ગીતા જેવો મહાન ગ્રંથ આ બાબતમાં ઉદાસીન કેવી રીતે રહી શકે? જીવનના વિકાસમાં નીતિ કે સદાચારના પાલનનું મૂલ્ય ગીતાએ ખૂબ આંક્યું છે, અને એને માટે ઠેરઠેર આદેશ પણ આપ્યા છે. પોતાના ઉપદેશની મુખ્ય વાતોમાંની એક—નૈતિક વિકાસની વાતને માણસો યુદ્ધની પ્રાસંગિક વાત તથા તત્ત્વજ્ઞાનની સામાન્ય રજૂઆતમાં વીસરી ન જાય તે માટે છૂટાછવાયા ઉપદેશથી તૃપ્ત ન થતાં ભગવાન શ્રીકૃષ્ણે નૈતિક વિકાસની રજૂઆતનો એક સ્વતંત્ર અધ્યાય જ ગીતામાં રજૂ કર્યો છે ને તેને દૈવાસુર—સંપદ્વિભાગયોગ એવું નામ આપ્યું છે.

યોગેશ્વરજી



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પ્રસન્ન મુદ્રામાં

પ્રાકટ્ય : ૧૫ ઓગસ્ટ ૧૯૨૧    બ્રહ્મલીન : ૧૮ માર્ચ ૧૯૮૪

# પ્રભો, શક્તિ દો

તજ્યાં ઘર, તજ્યાં અમે મહલ ને તજ્યાં વૈભવો,
તજ્યાં ભવ સંબંધ સ્નેહરસનાં બધાં બંધનો;
લઇ હૃદયમાં અપાર બસ પ્રેમ તારા પ્રતિ,
અમે વનમહીં કર્યાં ઘર, કરી રણે મહેફિલો.

સહ્યાં સતત તાપ છાંય હસતા મુખે ને અહો,
લઇ હૃદય દાહ રાતદિન ના સૂતાયે અમો;
અપાર ઉર વેદના, અમિત આંસુ વચ્ચે સદા,
અસંગ કરતા રહ્યા પ્રણય પ્રેમથી તાહરો !

નથી વિભવ કીર્તિ કે પરમ મુક્તિને ઇચ્છતા,
અપાર વિભવી પ્રતિષ્ઠિત વિમુક્ત સાચે અમે;
નથી વિષય વાસના, વર નથી અમે માગતા,
છતાં ચરણમાં પડેલ સહતા મહા વેદના.

પ્રભો, અતુલ શક્તિ દો, પ્રગટ હો અમારી મહીં,
થઇ ભસમ જાય દુઃખ દુનિયાતણાં, વેદના.

**યોગેશ્વરજી**

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪—૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫—૦૦
વિદેશમાં રૂા. ૨૦૦—૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).**
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન **૪૨૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| મહાત્મા શ્રી યોગેશ્વરજી | નારાયણ હ. જાની | ૧૨ |
| ઓ જીવણ ! | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૯ |
| મોરબી ધ્યાનકેન્દ્રનાં વીસ વર્ષ | મા | ૨૦ |
| થોડી મહત્ત્વની વાત | તંત્રી | ૨૩ |
| ગુરુપૂર્ણિમાની ઉજવણીઓ | — | ૨૪ |
| પુનર્જન્મ (સત્યઘટના) | જયપ્રકાશ એચ. તન્ના | ૨૫ |
| નવરાત્રિ જપયજ્ઞ શિબિર | — | ૨૭ |
| આત્મચિંતન | પં. દેખકૃષ્ણ શાસ્ત્રી | ૨૮ |
| જંગલમાં મંગલ દર્શન | ગોકુળ | ૩૩ |
| કૃષ્ણજનેતા દેવકી | કનૈયાલાલ જોશી | ૪૯ |
| સ્ત્રી સંત–શ્રીઇંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૭ ઓગસ્ટ–૧૯૯૬ અંક : ૧૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૬–૫–૮૧, શનિવાર, વૈશાખ સુદ તેરશ, ૨૦૩૭**

**સ્થળ : લૉ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ.**

પૂ. શ્રી પોતાની માળા રાત્રે ઊઠીને કરી લે છે. સર્વેશ્વરી પણ પોતાના મંત્રજપ રાત્રે ૧૨ થી ૧ કરી લે છે. સવારે સમયસર ઊઠી જવાનું બને છે. પૂ. શ્રી સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ કરી લે છે. સમય ઘણો ઓછો મળે છે છતાં ચારેક ચોપાઈઓનું ભાષાંતર પૂ. શ્રી થોડીવાર બેસીને પછી કરી લે છે. તે સાથે જ દૂધ પણ લઈ લે છે.

પછી ધોતીયું પહેરે છે. લૂંગીજેવું કપડું વીંટાળ્યું છે તે કાઢી નાંખે છે. અને શિબિરમાં જવા માટે તૈયાર થઈ જવાનું બને છે. શિબિરમાં આવવાનું બને છે. સૌના પ્રણામ સ્વીકારતા પૂ. શ્રી

બેઠક ઉપર જાય છે. સર્વેશ્વરી એમની પાછળ પાછળ બેઠક સુધી પહોંચે છે.

પ્રભાતના પ્રથમ પ્રહરમાં ધ્યાન સૌએ કર્યું હશે. આ ત્રીજી બેઠક હશે એમ કહી પૂ. શ્રી ધ્યાન પહેલાં મુદ્રા શરૂ કરાવે છે. ત્યારબાદ લગભગ પચાસ મિનિટ ધ્યાનની બેઠક શરૂ થઇ.

આજે ધ્યાનબાદ પૂ. શ્રીએ પાંચ મિનિટ શ્વાસની ગતિ ઉપર બે મિનિટ શ્વાસ રોકીને પાંચ મિનિટ ખુલ્લી આંખે નાકની દાંડી જોતા જોતા એમ વિવિધ રીતે ધ્યાન કરાવ્યું.

ધ્યાનબાદ પૂ. શ્રીએ થોડી હળવી કસરતો બતાવી. સાથે સાથે રમૂજ પણ કરવા લાગ્યા જેથી સૌને આનંદ આવ્યો. પછી થોડી વાતો કરી.

ધ્યાનમાં બેઠા બેઠા પ્રભુ સાથે માનસિક વાતો કરો. "હે પ્રભુ! કૃપા કરો. તમારી કૃપા પામી તમારો અનુગ્રહ પામી તમારા સ્વરૂપને જોઇ શકું. કૃપા કરો. મને સમજાતું નથી. તમે કૃપા કરોને. મારી પાત્રતા જોશો નહીં. શરણાગત છું. તમારે શરણે આવ્યો છું. કૃપા કરો. કૃપા કરો.

દરેક કાર્યમાં પ્રાર્થના કરો. ધ્યાનમાં પણ પ્રથમ ને વચ્ચે વચ્ચે પણ આ રીતે પ્રાર્થના કરો ને કૃપા વરસશે. નવાં કામો, નવા ઘરો-માં દરેક વખતે પ્રાર્થના કરીએ. ગણપતિનું સ્મરણ કરીએ છીએ.

ગણનાયક કરિવરવદન
કરો અનુગ્રહ આજ કૃપાળુ
બુદ્ધિરાશી શુભગુણસદન.
મૂંગા બોલે દિવ્ય વચન,
પંગુ ચઢે ગિરિવર ગહન.



કરો કૃપા તે આજ કૃપાળુ
કરો સકલ કલિમલદહન
મંગલમય છે જેનું સ્મરણ
સુખદાયક છે જેનું શરણ.

આ રામચરિતમાનસનું હમણાં કાવ્યાનુવાદ કરું છું. તે ગાયું. દશ વરસનું મારું સ્વપ્ન ગુજરાતીમાં કરવાનું હતું. પ્રભુને આવી પ્રાર્થના કરો. કૃપા માગો.

એમ કહી સર્વેશ્વરીને 'કૃપાનું કિરણ બસ એક માંગુ છું'—એ ભજન ગાવાનું કહે છે. તેથી સૌને તે ભજન સર્વેશ્વરીએ ગવડાવ્યું.

**પૂ. શ્રી :** ભારતથી દૂર દૂર લંડનની ભૂમિ,
ત્યાં પહોંચ્યા એકવાર યોગેશ્વર ધૂની.

(કાવ્યમય રીતે પૂ. શ્રીએ ઉપરની બે લીટીઓ ગવડાવી.)

ત્યારબાદ પૂ. શ્રીએ પોતાના પરદેશના પ્રવાસના ખટમીટા અનુભવ કહ્યા અને કૃપાનું કિરણ એ ભજન લખ્યું. એ ગીત લખ્યું ૧૯૭૭ માં એકસવારે લંડનમાં અને પ્રભુની કૃપા તો જુઓ. બોલાવનાર ભાઇ મારી પાસે આવ્યા અને સૌપ્રથમના ઇંગ્લેન્ડના પ્રવાસમાં મૂંઝવણને પ્રસંગે યોગીરાજ પીટરનું આમંત્રણ મળ્યું. (અભિનય સાથે એ વાતો કરી.)

એક જ કૃપાનું કિરણ માંગ્યું. જુઓ પછી ચમત્કાર પ્રથમ કાર્યક્રમ થયો. પછી જુઓ. કૃપાના કિરણ કેવાં વરસ્યાં! યોગીરાજ પીટરે ખૂબ નમ્રતાથી કહ્યું : 'તમારું પ્રવચન અમને ખૂબ ગમ્યું. મારે તમારાં પ્રવચનો આખા ઇંગ્લેન્ડમાં દરેક કેન્દ્રોમાં ગોઠવવાં છે.' પ્રાર્થનામાં ખૂબ શક્તિ. સાદામાં સાદી સાધના એ પ્રાર્થના છે. ભગવાનને પ્રાર્થના કરો.

ત્યારબાદ પ્રશ્નોત્તરી શરૂ થતાં પહેલાં ૨૦ મિનિટની વિશ્રાન્તિ મળી. પ્રશ્નોત્તરી શરૂ થયા.

**એક સાધકભાઈ :** મા સર્વેશ્વરીએ કેવી સાધના કરી જેથી તમે પ્રસન્ન થયા?

**પૂ. શ્રી :** આ પ્રશ્નનો પૂ. શ્રી વિસ્તારથી ઉત્તર આપતાં સર્વેશ્વરીની સાધના વિશે વાતો કરે છે.

મને કોઈ કવિની લીટી યાદ આવે છે.

"ઊઠી શમવે તે સંત, ના ઊઠે તે ભગવંત."

વાસના, ક્રોધ, મોહ ઊઠે ને શમાવે તે સંત. પણ વાસના, ક્રોધ, મોહ, વિકાર ઊઠે જ નહીં તે ભગવંત.

પવિત્રતા, સંયમ, દૈવીસંપત્તિ જે ગીતામાં છે તે બધા જ લક્ષણોથી મને પ્રસન્નતા થાય છે. પ્રેમ નિષ્ઠા ને ભક્તિભર્યું સેવામય જીવન સર્વેશ્વરીનું જોવા મળ્યું. સાધનાની ધગશ એવા અનેક સદ્‌ગુણો છે. જેથી માણસ તો શું ભગવાન પણ પ્રસન્ન થઈ જાય.

**પ્રશ્ન :** ધ્યાન વખતે હસે, રડે, નાચે તે શું ધ્યાન છે?

**પૂ. શ્રી :** અરે હસે, રડે, નાચે, નાગડીયા થઈ જાય એ મને જરાપણ પસંદ નથી.

આ અષ્ટ મહાભાવો ભક્તિમાર્ગમાં આવે છે. હાસ્ય, રુદન, ક્રંદન, કંઠબંધ થવો વિગેરે. પણ આ યોગમાર્ગે શાંત જ રહેવાનું છે. આજે તો યોગ ને સાધનાને નામે ઘણી ભ્રાન્ત માન્યતાઓ ચાલે છે. પણ અમે તો શાસ્ત્રના ઉપાસકો છીએ. યોગીઓ ને શાસ્ત્રો એને માન્ય કરતાં નથી.



**પ્રશ્ન :** દેશની પરિસ્થિતિમાં સંતો શો ફાળો આપી શકે?

**પૂ. શ્રી :** દેશની પરિસ્થિતિમાં માનવતાથી મંડિત થવું. નીતિમત્તાને ચારિત્ર્યને વળગી રહીએ ને સારા માનવો વધે. અહંકાર, રાગદ્વેષરહિત કર્તવ્યનિષ્ઠ, રાષ્ટ્રપ્રેમી, સત્તાને ચીટકી ન રહેનારા, માનવો તે સારા. તો એવા માનવો વધે, જે સેવાને જ મહત્ત્વ આપે. પદ કે માનને કે અંગત વારસો જાળવવાની લાલસા ન રાખે. વિશાળ દૃષ્ટિથી સંપન્ન યુવક–યુવતીઓ વધે તો દેશ આગળ આવશે.

એક જજ અમારા મસૂરીના પ્રવચનોમાં આવે. એમનું નામ મોતીબાબુ તેમને સત્સંગમાં રસ પડતો. તેમણે પોતાના કાર્યક્ષેત્રમાં કેવાં પ્રલોભનો આવે તેની મને વાત કરી. આધ્યાત્મિકતામાં માનનારો માનવ વ્યભિચાર, લાંચરુશ્વત, જૂઠાણું ન જ કરી શકે. આધ્યાત્મિકતા સાચા માનવો બનાવે છે. આધ્યાત્મિકતા એટલે મંદિર કે ધ્યાન નહીં. આખાયે જીવનને આત્મા તરફ વાળવાની પ્રવૃત્તિ.

**પ્રશ્ન :** સ્તોત્રપાઠો મોટેથી બોલીએ તો?

**પૂ. શ્રી :** સામૂહિક શિસ્ત માટે શાંતિ જરૂરી છે. ભગવાનને જ સંભળાવો. માનવને સંભળાવીને શું કરવું?

**પ્રશ્ન :** સ્વપ્નને ધ્યાનમાં–બંનેમાં દેખાતા દૃશ્યોમાં શો ફેર?

**પૂ. શ્રી :** સ્વપ્ન એ સ્વપ્ન છે. વાસ્તવિકતા નથી. જાગૃતિમાં ધ્યાનમાં જે દૃશ્યો દેખાય છે તે બંનેમાં ફેર છે. વેદાંતીઓ દૃશ્ય-જગતને સ્વપ્ન જેવું જ ગણે છે. જાગૃતિનાં દૃશ્યો પણ વેદાંત કહે છે તે ખોટાં છે. પણ હું કહું છું. એ દૃશ્યો જાગૃતિમાં પણ અસર કરે છે.

ધૂન : ૐ નમઃ શિવાય.

ધ્યાનમાં જે દૃશ્યો દેખાય સંતો, તીર્થો, દેવ, દેવીઓનાં દર્શન થાય, વાતચીત થાય, તે સાત્ત્વિક વૃત્તિનું પરિણામ છે.

સ્વપ્નના જ્ઞાનનું અવલંબન લઇ આગળ વધી શકાય એમ પતંજલિ કહે છે. ધ્યાનમાં સૂચના મળે, મંત્રો મળે અને દેહભાન ભૂલાય તો જન્માંતરનું જ્ઞાન થાય. આપણામાં સૂતેલી શક્તિઓ જાગે ને આગળ ને આગળ ઊઘાડી આંખે પણ દર્શન થાય છે.

એક વખત સરોડામાં હતો ત્યારે રાત્રે ૯ થી ૧૨ ધ્યાનમાં બેસતો. ઊઘાડી આંખે સ્વામી નારાયણ સંપ્રદાયના સાધુઓએ દર્શન આપ્યાં. ગુજરાતીમાં વાતો કરી. પછી સ્વરૂપો ઝાંખાં થઇ ગયાં. પછી અદૃશ્ય થઇ જાય છે.

શાસ્ત્રોએ કહ્યું, બ્રહ્મ સર્વત્ર છે. ધ્યાનદ્વારા તે જોઇ શકો. સાંભળી શકો. પછી શ્રદ્ધા બળવાન બને. શ્રદ્ધા આવા અનુભવોથી વધે છે.

હવે ધ્યાનમાં બેસીએ એમ કહી પૂ. શ્રી પાંચવાર ૐકાર બોલે છે. સૌ સાધકો ધ્યાનમાં બેસે છે. અડધો કલાક બાદ ધ્યાનની પૂર્ણાહૂતિ થતાં ૐ બોલે છે, પછી ધૂન બોલાવે છે.

જ્ઞાનદેવ, જ્ઞાનદેવ, જ્ઞાનદેવ, જ્ઞાનદેવ,
નિવૃત્તિ જ્ઞાનદેવ સોપાન મુક્તાબાઇ,
એકનાથ નામદેવ તુકારામ....

ધૂન બાદ કાર્યક્રમ પૂર્ણ થાય છે. ઉતારા પર આવવા શાંતિભાઇની ગાડી તૈયાર જ હોય છે. નારણપુરાના આ સુંદર સગવડયુક્ત ઉતારાપર પૂ. શ્રી આવી જાય છે. ખીચડી, કેરીનો રસ, શાકનું ભોજન લઇ રામાયણનું લેખન શરૂ કરે છે. થોડો આરામ કરે છે ત્યાં તો ૩.૩૦ થઇ ગયા. જેથી પૂ. શ્રી તૈયાર થઇ જાય છે. શિબિરના સ્થળે તો સાડાત્રણથી સરળગીતાનો સમૂહપાઠ શરૂ થઇ ગયો છે. પૂ. શ્રી ચાર વાગ્યે સાધનાખંડમાં આવી જાય છે. ત્યારે ગીતાપાઠ ચાલુ હોય છે. થોડી જ વારમાં સાધકોના અનુભવોનો કાર્યક્રમ શરૂ થયો.



સૌ પ્રથમ શ્રી નારણભાઇ જાની સર્વેશ્વરી વિશે થોડું પરિચય આપતું વ્યક્તવ્ય આપે છે. જેમાં પૂ. શ્રીનો પરિચય પણ આવી જાય છે.

આજે તલોદ (જિ. સાબરકાંઠા)ના કોલેજના અંગ્રેજીના પ્રોફેસર શ્રી દ્વિવેદીએ પણ પોતાની રીતે અનુભવ કહ્યા. પૂ. શ્રીના ઉતારા માટે એમને જે તરત સગવડ મળી તેની વાત તેમણે ખૂબ શ્રદ્ધાથી કરી. પૂ. શ્રી એપ્રિલ '૮૧ માં તલોદમાં પ્રવચનઅર્થે પધાર્યા હતા. ઉતારાની સામે જેમણે પૂ. શ્રીની સઘળી જવાબદારી ઉપાડી હતી તે વિનુભાઇનાં પત્નીની તંદુરસ્તી અંગે એક સરસ વાત કરી.

વળી વલસાડ કોલેજના હિન્દીના પ્રોફેસર શ્રી શશીકાંત કોન્ટ્રાક્ટર પણ પોતાનું વ્યક્તવ્ય આજે આપે છે. જેમાં તેઓ પૂ. શ્રીના સાન્નિધ્યના પ્રસંગો ગૂંથી લે છે. પૂ. શ્રીના સ્વરૂપમાં ભગવાન બુદ્ધનાં દર્શન અને સર્વેશ્વરીના દર્શનની વાત પણ તેઓ વણી લે છે.

સમય ઘણો પસાર થઇ ગયો. સાધકો પોતાના અનુભવ કહેવામાં સંયમ જાળવતા નથી. જેથી ૫.૩૦ તો વાગી પણ ગયા. ૨૫ મિનિટનું ધ્યાન પૂ. શ્રીએ કરાવ્યું.

ધ્યાનબાદ પૂ. શ્રીએ કહ્યું : ધ્યાનમાં માળા કરવી હોય તો કરી

શકાય. પ્રશ્નોત્તરીમાં પણ સાંભળવાનું ને જપ કરવાનું પણ કરી શકાય. માળા કરી શકાય. પણ તે માળા ભગવાન સિવાય કોઇ ન જાણે એ રીતે કરી શકો.

ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ થયો. સાધકો પૂ. શ્રીને પ્રણામ કરવાની સાત્ત્વિક ઇચ્છા રાખે પણ આજે મોડું થયું હોવાથી પૂ. શ્રી સૌને દૂરથી જ પ્રણામ કરી લેવાની સૂચના કરે છે. જેથી પૂ. શ્રી ખૂબ ઝડપથી રૂમમાં આવી જાય છે. અહીં શિબિરના સ્થળે એક રૂમ પૂ. શ્રીનો વિશ્રામખંડ તરીકે રાખવામાં આવ્યો છે, જ્યાં બે પલંગો હોય છે. પૂ. શ્રી પલંગ ઉપર બેસતાં ગરમીનો અનુભવ કરતાં પોતે ઉપર ઓઢવાની શાલ દૂર કરતાં કહે છે, "મીરાંએ જેમ લોકલાજનો ત્યાગ કર્યો તેમ હું પણ આ ત્યાગ કરું છું." એમ કહી ખુલ્લા શરીરે લેખનકાર્યમાં મગ્ન બને છે.

બરાબર સાત વાગ્યે પૂ. શ્રી પોતાના ઓરડામાંથી બહાર નીકળે છે. આજે પૂ. શ્રીને મળવા સાહિત્યક્ષેત્રે વિદ્વાન ગણાતા શ્રી અનંતરાય રાવળ આવે છે. પૂ. શ્રી પ્રવચન સ્થળે ચાલતા ચાલતા તેમની સાથે વાતો કરે છે. તે પહેલાં ચોપાઇનું જે નવું લેખન કર્યું તે પૂ. શ્રી તેમને ગાઇ સંભળાવે છે.

આજેનું પ્રવચન 'વિચારણા'નામના યોગવશિષ્ઠના બીજા સોપાન ઉપર હતું. શંકરાચાર્યના શિષ્ય હસ્તાકમલવત્‌ની વાત વાસનાથી પીડાતા એક સંન્યાસીની વાત પૂ. શ્રી કરે છે.

પ્રવચન બાદ શિબિરના રસોડા તરફ પૂ. શ્રી એક આંટો મારે છે. વ્યવસ્થા જુએ છે અને વિચારે છે કે એકાદ દિવસ આ રસોડાની ખીચડી અમે પણ લઇશું. પ્રવચન સ્થળથી નારણપુરા ગાડીમાં આવી જવાનું બને છે.



અહીં પૂ. શ્રી સ્નાન કર્યા બાદ હળવો નાસ્તો કેરી, દૂધ વિગેરે લે છે. ત્યારબાદ ૧૧ વાગ્યા સુધી રામાયણનું લેખન કરે છે. પૂ. શ્રીના ઓરડામાં સર્વેશ્વરી જાય છે. અને ૧૧ વાગ્યા છે એવી સૂચના આપે છે તો પૂ. શ્રી તેમને પોતાની પાસે બેસાડીને નીચેની ચોપાઇનો અનુવાદ સંભળાવે છે.

જય જય સુરનાયક જનસુખદાયક પ્રણતપાલ ભગવંતા.

ત્યારબાદ તેનો અભિનય રમૂજ સાથે ગાઇ બતાવે છે. જેમાં એક નાનું બાળક ખૂબ પ્રસન્ન બનીને ગાતું હોય એવું એક અદ્‌ભુત દૃશ્ય શરૂ થયું.

પૂ. શ્રી ત્યારબાદ આરામ કરે છે. સર્વેશ્વરી ૧૨ થી ૧॥ જપ કરીને આરામ કરે છે. હરિઃ ૐ (ક્રમશઃ)


વિવિધ રોગોના યોગિક ઉપચાર માટે,
યોગશિબિરના આયોજન માટે

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

* યોગ એન્ડ ટોટલ હેલ્થ સેન્ટર *

ડૉ. મનસુખલાલ ટાવર, અઠવાલાઇન્સ, સુરત.
ફોન : ૬૪૯૯૬૪/૬૪૬૨૨૯
ઘર : ૬૮૫૨૮૩

### માનવમાં રહેલી સર્વોત્તમતાના પ્રતીક

# મહાત્મા શ્રી યોગેશ્વરજી

નારાયણ હ. જાની

તા. ૧૫ ઓગસ્ટ એ પૂ. યોગેશ્વરજીનો જન્મ દિવસ.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી જેવા યુગપુરુષોનું પ્રાકટય સેંકડો વર્ષોમાં એકાદવાર થતું હોય છે. આમ તો કોઇ પણ સંતપુરુષનો પ્રાદુર્ભાવ સૃષ્ટિ માટે મંગલકર્તા જ હોય છે, કારણ કે તેઓનું જીવનકાર્ય સર્જનહારની સૃષ્ટિમાં વધારેમાં વધારે સંવાદ ફેલાય, સૃષ્ટિના માનવો જ નહિ, પરંતુ સર્વજીવો સુસંવાદિતાથી જીવે ને રહે, માનવો પરસ્પર પ્રેમ, સહકાર અને સહિષ્ણુતાથી જીવે અને માનવ પ્રભુના માર્ગે આગળ વધી પોતાનું કલ્યાણ સાધે અને બીજાઓને સહયોગ પ્રદાન કરે એવું મંગલમય હોય છે.

પ. પૂ. શ્રી યોગેશ્વરજી આ બધા જ ઉમદા હેતુઓ માટે જીવ્યા. પોતાના જીવનને એમણે સાચા અર્થમાં યજ્ઞમય બનાવ્યું. જીવનના છેલ્લા શ્વાસસુધી એ આદર્શને વફાદાર રહીને જીવ્યા અને પ્રભુના મંદિરના પવિત્ર સ્થાનમાં, પ્રભુના મંગલ નામનો મહિમા સમજાવતાં, આ પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો. કરોડોમાં કોકને જ પ્રાપ્ત થાય એવું મૃત્યુ. કેવું મંગલમય મૃત્યુ !

કોઇ પણ મહાપુરુષની મહાનતાનો આંક કદી એમની પાછળ કેટલા માનવ ટોળાં ફરે છે, એના પરથી ના નીકળે. એમની સાચી મહાનતા એમની સાધના, એના ફલસ્વરૂપ પ્રાપ્ત થયેલી ઉચ્ચ સ્થિતિ, એમની ભાવના, ત્યાગ, તપસ્યા અને જેવી માન્યતા એવું



જ એકરૂપ આચરણ, એમાં રહેલી છે. પછી ભલેને એમને પાંચ પચાસ માણસો જ ઓળખતા હોય–અગર તો કોઇ એકાંત નિર્જન સ્થળમાં એ વાસ કરતા હોય. એથી એક સંત તરીકેની એમની મહાનતા જરાય ઓછી થતી નથી.

એક ગરીબ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લઇ, તેઓ મુંબઇના અનાથાશ્રમમાં રહી ભણ્યા. સાથે આત્મિક કલ્યાણનો માર્ગ અપનાવી, ભવિષ્યની ભારે તપસ્યા માટે જીવનનો પાયો દૃઢ કરતા રહ્યા. માત્ર ૨૧ વર્ષની વયે હિમાલય જેવા પ્રદેશમાં વસી, સાધના કરતા રહ્યા. કોઇ લૌકિક ગુરુની દેખીતી સહાય કે માર્ગદર્શન સિવાય, ઈશ્વર જ કે મા જગદંબા જ આપણા ગુરુ ને ઇષ્ટ છે એ ભાવથી એકલવ્યની જેમ સાધનાના સર્વોચ્ચ શિખર પર આરૂઢ થયા, મા જગદંબાનું પ્રત્યક્ષ દર્શન પામ્યા એટલું જ નહિ પણ એનું સતત સાન્નિધ્ય પ્રાપ્ત કરી, સમગ્ર જીવન વ્યવહારની લગામ એના હાથમાં સોંપી દીધી. સર્વ સમર્પણ પ્રભુ ચરણે કરી દીધું. એના હાથના હથિયાર બની જીવ્યા.

એમનું સાધનાત્મક જીવન કોઇ પણ મનુષ્યને પ્રેરણા આપનારું તેમ જ "ગુરુ વિના ગતિ નહિ"ની સર્વ સામાન્ય લૌકિક માન્યતાને પડકારરૂપ કહી શકાય. પુરુષાર્થવડે મનુષ્ય આત્મિક માર્ગે આગળ વધી શકે છે. સાચા પુરુષાર્થીને પ્રભુ કે પ્રભુના દિવંગત સંતો માર્ગદર્શક થતા રહે છે એ ભારતીય ધાર્મિક માન્યતાને પુષ્ટિ આપનારા એમના અનુભવો છે.

પ્રભુને પ્રાપ્ત કરવાના અનેક માર્ગો છે. જ્ઞાન, યોગ, ભક્તિ ને કર્મ. આ બધામાંથી એમણે ભક્તિનો સ્વીકાર કરી, કેવળ પ્રાર્થના એ જ સાધનાના સૂત્રને ચરિતાર્થ કરી બતાવ્યું. એમની આધ્યાત્મિક સાધનાના ઈતિહાસનાં પાનાં આવી પ્રાર્થનાના હૃદયવેધી

પોકારોથી ભરેલાં છે. એ માનવને કહે છે કે તારી પાસે ભલે જ્ઞાન, યોગ કે વિદ્વત્તાની શક્તિ ન હોય, પણ એકમાત્ર સરલ હૃદય, પ્રભુના અસ્તિત્વની અને એની મંગલમયતામાંની શ્રદ્ધા હોય, તો બીજા કશાની જરૂર નથી. તારા દિલનો પોકાર પ્રભુ પ્રત્યક્ષ છે એમ માનીને પાડતો રહે. એ અંતરયામી છે, સર્વવ્યાપક છે ને સર્વશક્તિમાન છે, જરૂર સાંભળશે. અને યથાસમયે પ્રત્યુત્તર વાળશે જ. આ માર્ગમાં નિરાશ થઈ અટકી ગયે ચાલે એમ નથી. એમણે જ ગાયું છે :

"રે મન કદી નિરાશ ન થા.
આવે પાસ નિરાશા તોયે, આશાનું ગીત ગા..રે મન..."

અન્ય આધ્યાત્મિક મહાપુરુષો કરતાં એમની વિશેષતા એ રહી છે કે એમણે છેક બાળપણથી પોતાની આધ્યાત્મિક સાધના અને એ માર્ગે થતા અનુભવોની કડીબદ્ધ નોંધ રાખી છે. વળી પોતાના આધ્યાત્મિક અનુભવોને એમણે તટસ્થતાથી ચકાસ્યા છે ને જ્યાં ને જ્યારે જેવું અનુભવાયું તેવું નોંધ્યું છે. તેઓએ પોતાના જીવનમાં સાચો વિજ્ઞાનમય ને બુદ્ધિગમ્ય દૃષ્ટિકોણ અપનાવેલો. પરિણામે એમને લાભ જ થયો છે. એમણે એ વાત વારંવાર કહી છે કે જીવનનું લક્ષ્ય ઊંચું રાખો. એને સિદ્ધ કરવાના પ્રામાણિક પ્રયત્નોમાં સતત લાગી રહો. તમારે માટે જે મંગલ હશે તે પ્રભુ કરશે જ, એ વિધાનમાં શ્રદ્ધા રાખો. કદીક તમારી ઇચ્છા પ્રમાણે ના થાય, તો નિરાશ ના થાઓ. એને પ્રભુની ઇચ્છા માની સ્વીકારી લો, સમાધાન કરી લો ને પ્રભુ સાથેનું અનુસંધાન સતત જાળવતા રહો. તમારા ભાગ્યમાં જે હશે ને પ્રભુને મંજુર હશે, તે થશે જ થશે.—એ વિધાનમાં દૃઢ વિશ્વાસથી જીવનમાં કદી અસંતોષ કે પરિતાપ નહિ રહે.



માનવમાત્ર માટે પૂ. શ્રીની એ શીખ છે કે, જીવનમાં બહિર્મુખતા અટકાવો. અંતર્મુખ થાઓ. જીવનમાં મનની શાંતિ ને સ્થિરતા પ્રાપ્ત કરવી હશે, તો શાંતિથી એકાંતમાં બેસવાની ટેવ પાડવી પડશે. એ માટે બાહ્ય ત્યાગ કરી વનમાં જવાની જરૂર નથી. જ્યાં છો ત્યાં રહો. પ્રભુનું જ કામ કરો છો એ ભાવના રાખી પોતાની ફરજ બજાવતા રહો. તો જીવનમાં તમે ભલે બીજું કશું ન મેળવો, પણ તમને માનસિક શાંતિ ને આત્મસંતોષ તો અવશ્ય મળશે, જેની કિમ્મત કરોડો રૂપિયાથી પણ આંકી શકાય તેમ નથી.

પૂ. શ્રીનું જીવન જ એમનું કવન હતું. એ સાદાઈના ઉપાસક, સરલતાના હિમાયતી, ઓછામાં ઓછી જરૂરિયાતવાળું સાદગીભર્યું એમનું જીવન, સંપત્તિનો આવશ્યકતા અનુસાર સ્વીકાર. આવો વિવેકપૂર્ણ વ્યવહાર, જે આજના યુગમાં બહુ ઓછો જોવા મળે.

પ્રાર્થનાને જીવનની સાધના તરીકે અપનાવી; પરંતુ જ્ઞાન અને યોગની ઉપાસના જીવનમાં ખરી. ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રના ગ્રંથો કંઠસ્થ અને પાતંજલ યોગદર્શનનો તલસ્પર્શી અભ્યાસ, યમનિયમ, આસનો, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિના અષ્ટાંગયોગનો સ્વાનુભવ. આમ ભક્તિપૂર્ણ 'મા જગદંબાની' ઉપાસના છતાં જ્ઞાન અને યોગને સંપૂર્ણ આત્મસાત કર્યો. તો વળી કર્મનો મહિમા પણ જીવનમાં ગાયો અને આચરી બતાવ્યો. સત્કર્મોનું સમજપૂર્વકનું જીવનમાં સતત અનુષ્ઠાન. રોજ રોજ ત્રણ કલાકનું લોકહિતાર્થે લખાણ, પાસે આવનારાંઓની શંકાઓનું સમાધાન, અને માર્ગદર્શક પ્રવચનોથી જનજાગૃતિનો અને સાચા ધર્મની સમજનો પ્રચાર. આ એમના જીવનનો કર્મયોગ. એટલે એક ભક્તનું, છતાં જ્ઞાન, યોગ, ભક્તિ

અને કર્મની ઉપાસનાનું સમન્વયભર્યું જીવન. પરિણામે એક સમન્વયકારી મહાન સંત તરીકેની અદ્દ્ભુત દૃષ્ટિ.

પૂ. શ્રી કદી એકાંગી નહિ. જીવનભર તેઓ સત્ય, પવિત્ર અને સુંદરતાના ઉપાસક રહ્યા. બધા જ ધર્મો અને દેવો પ્રત્યે આદર. સહુના પ્રત્યે સહાનુભૂતિ. સહુને વંદે અને સહુને સહયોગ પ્રદાન કરે.

બાળપણની ગરીબાઈ અને સાધનાત્મક જીવન દરમ્યાનની કઠનાઈઓના અનુભવ છતાં, જીવનમાં સંપત્તિ, સાહ્યબી તેમ જ બાહ્ય સુખ પ્રત્યે જરાય આકર્ષણ નહિ. મનથી બધાથી અલિપ્ત. જીવની એકમાત્ર આસક્તિ પ્રભુમાં જ.

વિશ્વબંધુત્વની ભાવનામાં માને, છતાં રાષ્ટ્રભાવનાથી ભરપૂર એમનું જીવન. ખાદીને ભારતીય સંસ્કૃતિના અને આર્થિક સમાજ રચનામાં ગરીબો સાથેના સેતુરૂપ માની ધારણ કરે. સાદાં, સ્વચ્છ ને આવશ્યકતા જેટલાં જ કપડાં રાખે. કશાનો વળગાડ નહિ, કશાનો ભાર નહિ. હંમેશાં હળવાફૂલ જેવા. દેશની આઝાદી માટે હિમાલયનાં એકાંતોમાં વસી, એમણે દિવસો સુધી પ્રાર્થના કરી છે. આવો એમનો રાષ્ટ્રપ્રેમ.

ત્યાગી થનાર માણસોને એમની મહત્ત્વની શીખ. જે નવરાશને પચાવી, સમયનો સાધનામાં ઉપયોગ કરી શકે, તે જ ત્યાગને દીપાવી શકે. બાકી કપડાં બદલવાથી ત્યાગી થવાતું નથી. હૃદયમાં રહેલા રાગોનો જ્યાંસુધી ત્યાગ ન થાય, ત્યાંસુધી સાચો ત્યાગ સંભળી શકતો નથી. કપડાં બદલવાથી નહિ, પણ મન બદલવાથી જ મનના રાગદ્વેષો ને આસક્તિ દૂર કરવાથી, ત્યાગી બની શકાય છે. એથી જ એમણે જીવનભર સાદાં ખાદીનાં કપડાં ધારણ કર્યાં.



તેઓએ પોતાના જીવનમાં માતાના ઋણનો સ્વીકાર કરી એક આદર્શ માતૃભક્ત સંતનું ઉદાહરણ પૂરું પાડયું છે. પોતાનાં વિધવા માતાને જીવનના છેલ્લા શ્વાસસુધી—બત્રીસ વર્ષસુધી—સાથે રાખ્યાં. દેશમાં કે વિદેશમાં હંમેશા પોતાની સાથે રાખી માતૃભક્તિનો સંદેશ જીવનમાં આચરી બતાવ્યો.

એમણે કહ્યું છે. "પ્રેમ સહુ ઉપર રાખો, પણ આસક્તિ ક્યાંય નહિ. આસક્તિ કે મમત્વ સિવાય માણસ સાચો નિઃસ્વાર્થ પ્રેમી થઈ શકતો નથી."

પૂ. શ્રીનું સમગ્ર જીવન સમયબદ્ધ. નિશ્ચિત સમયે નિશ્ચિત કામ એ એમનું સૂત્ર. ટપાલ અને અખબાર એમના નિશ્ચિત સમયે વંચાય. લેખનના સમયે લેખન કરવાનું. હિમાલયની ૧૯૮૨ ની અમારી યાત્રાદરમ્યાન, પૂ. શ્રી સવારે ૮—૦૦ નો સમય થતાં, રસ્તામાં ગાડી રોકી, ઝાડના છાંયે લખવા બેસી જતા. અઢી ત્રણ કલાક લખ્યા પછી આગળ મુસાફરી કરે. માને કે જનહિતાર્થે આટલું કામ કર્યું, હવે આપણને આજનો રોટલો ખાવાનો હક્ક પ્રાપ્ત થયો. સામાજિક ઋણ સ્વીકારની કેવી ઉત્તમ ભાવના! આજના લોકસેવકોમાંય ભાગ્યે જ એ જોવા મળે છે.

પૂ. શ્રીનું સમગ્ર આચરણ કે વ્યવહાર વિવેકપૂર્વકના વિચારનું. કદી કોઈ પણ વ્યવહાર વિવેકહીન ન લાગે. સાથે સાથે જીવનની શુદ્ધિ ને પવિત્રતાના એટલા જ આગ્રહી. ખાવા—પીવામાં પણ વિવેકપૂર્વકનો સંયમ. તેઓ કહેતા કે 'જે સ્વાદને જીતી શકતો નથી, તે ઇન્દ્રિયોનો સંયમ પાળી શકતો નથી.' આ કેટલું બધું સાચું છે!

આમ માનવમાં જે જે ઉત્તમ તેનું મૂર્તિમંત આચરણ એટલે યોગેશ્વરજી. એથી જ અમે આ લેખના પ્રારંભમાં એમને યુગપુરુષ

કહ્યા છે. આવા પુરુષો જ પોતાના જીવનવ્યવહારથી માનવને ઉત્તમ બનવાની પ્રેરણા પૂરી પાડે છે. એટલે જ એ મહાપુરુષના ચરણે આ પ્રેમાંજલિનું પુષ્પ અર્પણ કરું છું. પૂ. માના શબ્દોમાંઃ–

શ્રી યોગેશ્વર ભગવાન, એ છે મારા જીવનના આધાર,
કરું છું એનાચરણે કોટિ પ્રણામજી.–કોટિ પ્રણામજી.

પૂ. યોગેશ્વરજીના જીવનનાં અનેક પાસાંઓમાંથી અહીં તો થોડી ઝલક જ આપવામાં આવી છે.

**સુવાક્ય**

ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે ક્યાંય કહ્યું નથી કે પરમશાંતિ કે આત્મકલ્યાણની પ્રાપ્તિ સારુ ઘરનો, સંસારનો, સંબંધીનો કે કશાનો ત્યાગ કરવો જોઈએ. માત્ર અનાસક્ત થવું એટલું કહ્યું છે.
યોગેશ્વરજી

**ઈલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઈલ એન્જીન મશીન**
**તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના**
**સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી**
**સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ**
*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***
**ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,**
એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.
જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)
ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯
ફેક્સ : (૦૯૧) ૦૨૬૩૫૩–૨૪૫૯/૨૦૬૭



## * ઓ જીવણ ! *

ચામડે મઢેલી ત્હારી કાયા, ઓ જીવણ!
રૂપની તે આવડી શી માયા?
ઉપરના રૂપમાં ભરમાયા, ઓ જીવણ!
વસ્તુ છાંડી પકડયા પડછાયા
ચામડે મઢેલી ત્હારી કાયા!
યૌવનના છાકમાં સમતા ગુમાવી ને
રોગ–ભોગ ઝઝેરા જામ્યા,
રતન ગુમાવીને કોડી કમાણા!
ભોગનોય તાગ નવ પામ્યા.
ઢળતી આ સૂરજની છાયા, ઓ જીવણ!
અસલી ન હીર પરખાયાં
ચામડે મઢેલ ત્હારી કાયા!
દેહ દેવમંદિર, પ્રાણની પ્રતિષ્ઠા
કીધી ના, વાત પરમાણી!
કળાણે કણસ્યા ને વિષે વણસ્યા
મૂળગી તે ભાત નવ જાણી!
અમૃતના જાયા ત્હમે, ભૂલ્યા ઓ જીવણ!
રંક ભયે, મીટ ગયા રાયા
ચામડે મઢેલ ત્હારી કાયા!
રૂપની તે આવડી શી માયા! ઓ જીવણ!
વસ્તુ છાંડી પકડયા પડછાયા
ઢળતી આ સૂરજની છાયા ઓ જીવણ!
અસલી ન હીર પરખાયાં
ચામડે મઢેલ ત્હારી કાયા!

ડો. રણજિત પટેલ (અનામી)

# મોરબી ધ્યાનકેન્દ્રનાં વીસ વર્ષ

મોરબીમાં ચાલતા મહાત્મા શ્રી યોગેશ્વરજી ધ્યાનકેન્દ્રને ૨૦ (વીસ) વરસ પૂરા થતા તારીખ ૧૦–૭–૯૬ ના રોજ ભાવનગરના વિદ્વાન અને લબ્ધ પ્રતિષ્ઠિત ભાગવતકાર પ્રા. શ્રી જનાર્દનભાઈ દવેના પ્રમુખપદે એક ખાસ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો જેમાં પ્રમુખપદેથી બોલતાં પ્રા. શ્રી જનાર્દનભાઈએ ધ્યાન અને સત્સંગની પવિત્ર પ્રવૃત્તિ ઉપર ખાસ ભાર મૂકેલ હતો. અતિથિ-વિશેષ પદેથી શ્રી કલોલાભાઈએ પૂ. શ્રી યોગેશ્વરજી તથા પૂ. માના કથાપ્રસંગો કહેલ હતા.

કાર્યક્રમને અંતે શ્રી ધીરૂભાઈ ભોજાણી તરફથી હાજર રહેલ બધાને શુદ્ધ ઘીના લાડુનું ભોજન જમાડેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ધ્યાનકેન્દ્રના સાધકોએ ખૂબ જ જહેમત ઊઠાવેલ હતી.

* * *

[નોંધઃ–મોરબી ધ્યાનકેન્દ્રને ૨૦ વર્ષ પૂરાં થયાં તે પ્રસંગે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી તરફથી ફેક્સથી જે આશીર્વાદ મળ્યા છે તે નીચે પ્રમાણે છે. —તંત્રી]

તા. ૯ જુલાઈ '૯૬
સવારે ૧૧–૦૦

મહાપુરુષના અમીભર્યા આશીર્વાદથી મોરબી ધ્યાનકેન્દ્ર ૨૦ વરસ પૂરા કરી રહ્યું છે, એ કેન્દ્ર તો શ્રી યોગેશ્વરપ્રભુને પ્રિય ને વંદન કરવા જેવું લાગ્યું છે.



પ્રભુના બે મુખ્ય પાર્ષદો શ્રી હરિ તથા શ્રી કલ્યાણને મોરબીની ધરતી ઉપર વસાવ્યા ને માને જાહેરમંચ ઉપર લાવવાનું. નવા નામનું પ્રાગટ્ય પણ એ ધરતી ઉપર એ પાર્ષદોદ્વારા જ પ્રભુએ ઐતિહાસિક કાર્ય કરાવ્યું.

વીસ વર્ષથી અખંડ તૈલધારાવત્ શ્રદ્ધાભક્તિએ પ્રગટપ્રભુના શ્રીચરણોમાં રાખીને બંને પાર્ષદો તો ધન્ય બની ગયા છે.

કેટલાંક પાત્રો, કેટલાંક કેન્દ્રો જગપ્રસિદ્ધ બને એ રીતે તમારું કેન્દ્ર એ સૌનું બન્યું છે.

અમારી પ્રાર્થના છે આ કેન્દ્ર જીવંત રહે. નવા નવા ભક્તો પ્રગટાવતું રહે. શ્રી હરિ ને શ્રી કલ્યાણ પ્રભુના દ્વારપાળ બનીને સૌને પ્રકાશ ધરતા રહે.

સૌને સર્વ પ્રકારે પ્રભુ સુખી કરે. સૌનું સર્વ પ્રકારે પ્રભુ મંગલ કરે.

કેન્દ્ર ને કેન્દ્રના બે પાર્ષદોને, કેન્દ્રના સૌ ભક્તોને અમારા પ્રભુ શ્રી યોગેશ્વર ભગવંતના આશીર્વાદ હો. આશીર્વાદ હો. આશીર્વાદ હો.

મા

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોટી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭
ફોન : ૬૬૮૨૩૧

લવાજમના સુધાર અંગે

# થોડી મહત્ત્વની વાત

અધ્યાત્મને શરૂ કર્યાને તા. ૩૦–૯–૯૬ ના રોજ સત્તર વર્ષ પૂરાં થશે. આ સત્તર વર્ષના ગાળામાં લગભગ પાંચેકગણી મોંઘવારી વધી છે. આમ છતાં અધ્યાત્મના વાર્ષિક લવાજમમાં આ ગાળામાં કોઈ વધારો કરવામાં આવેલ નથી. તેનું કારણ છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેને ગ્રાહકોએ આપેલી મદદ છે. તે બદલ અમે તે સહુના આભારી છીએ.

અમને આનંદ છે કે હજી પણ વધતા–ઓછા પ્રમાણમાં આ મદદ મળતી રહે છે. આમ છતાં મોંઘવારીના પરિણામે તેના દિનપ્રતિદિન વધતા જતા ખર્ચાને પહોંચી વળવું મુશ્કેલ બનતું જાય છે એથી તા. ૧–૧૦–૯૬ થી એનું વાર્ષિક લવાજમ રૂા. ૧૫ થી વધારી રૂા. ૨૫ કરવામાં આવી રહ્યું છે, જેની ગ્રાહકોને નોંધ લેવા વિનંતી છે.

પરદેશનું વાર્ષિક લવાજમ પોસ્ટેજના દર વધતાં રૂા. ૨૦૦ કરવામાં આવેલ છે. જ્યારે તેના આજીવન સભ્યપદ માટે રૂા. ૨૫૦૧ ઠરાવેલ છે. ભારતના આજીવન સભ્યપદની રકમમાં હાલ કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી. તે રૂા. ૨૫૧ છે.

આ લવાજમના દર વધારવા છતાં પણ માસિકને વર્ષે હાલના ધોરણે લગભગ રૂા. ૭૦ હજાર જેવી વાર્ષિક ખોટ જશે. તેમાં અંદાજે રૂા. ૨૦ હજાર જેવી રકમ જાહેરખબર અને ભેટદ્વારા



ભરપાઈ થતાં રૂા. ૫૦ હજાર ઉપરની ચોખ્ખી ખોટ રહેવા સંભવ છે. મા–પ્રભુ તે કોઈ ને કોઈ રીતે ભરપાઈ કરતાં રહેશે તેવી શ્રદ્ધા છે.

લવાજમના સુધારાના આ દરોની નોંધ લવાજમ ઉઘરાવતા ભાઈબહેનો લે તેવી વિનંતી છે.

— તંત્રી

**સુવાક્ય**

દરરોજ સવારે ઊઠતાં સાથે યાદ કરો કે આ જીવન શા માટે છે? પ્રભુપ્રાપ્તિ કે આત્માનુભૂતિ સિવાય જીવનનું બીજું ધ્યેય ન હોઈ શકે. તો તે દિશામાં પ્રગતિ થાય તેવાં કર્મો દિવસ દરમ્યાન જાગૃતિપૂર્વક કરતા રહો.

યોગેશ્વરજી

* પરફેક્ટ એન્ટરપ્રાઈઝ *
મરચન્ટ, એક્સપાર્ટ્સ, ઈમ્પોર્ટર્સ
એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ
૪૨, જય શ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર
રજપૂતપરા મેઈન રોડ, રાજકોટ.
ફોન નં. ઓ. : ૨૨૫૪૭૮ ઘર : ૪૫૫૫૧૪

# ગુરુપૂર્ણિમાની ઉજવણીઓ

ભારતમાં શ્રી યોગેશ્વર પરિવાર તરફથી જુદાં જુદાં શહેરોમાં આ આધ્યાત્મિક પર્વની ઉજવણી ઉમંગભેર કરવામાં આવી હતી.

અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, મોરબી, પાલનપુર, મુંબઇ, રાજકોટ તેમ જ વિદેશોમાં રગ્બી (ઇંગ્લેન્ડ), નોર્થબર્ગન (યુ.એસ.એ.) ઓન્ટારિયો (કેનેડા) વગેરે શહેરોમાં પણ આ પર્વ, અગાઉની જેમ નાના મોટા સહુએ સાથે મળી ઉજવ્યો હતો.

સામાન્ય રીતે, બધાં કેન્દ્રોમાં શાસ્ત્રોક્તવિધિથી ગુરુપૂજન ઉપરાંત શ્રી યોગેશ્વર તેમ જ મા સર્વેશ્વરીની બાવનીઓ, ભજન અને ધૂનો–ઉપરાંત ધ્યાન તેમ જ પૂ. શ્રીના પ્રવચનના કાર્યક્રમો હોય છે. રાજકોટમાં શ્રી જે. કે. ને ત્યાંના પૂ. માના મંદિરના પટાંગણમાં–ગુરુપૂજનનું મહત્ત્વ પ્રા. શ્રી જનાર્દનભાઇ દવેએ સમજાવ્યું હતું.

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦
એસ. ટી. ડી. ૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯



# પુનર્જન્મ (સત્યઘટના)

જયપ્રકાશ એચ. તન્ના

'સગાંસંબંધીને બોલાવી લ્યો અને ભગવાનનું નામ લ્યો'... ડો. કુડિયા (એમ. ડી.)ના શબ્દો સાંભળતાં જ મારા પત્ની બેભાન થઇ ગયાં. હોસ્પિટલમાં કરુણતાનું વાતાવરણ છવાઇ ગયું.

વાત એમ બની કે તા. ૧૭–૭–૯૧ ના રોજ મને ડીહાઇડ્રેશનને કારણે ઝાડા–ઊલ્ટીદ્વારા શરીરમાંથી ૭૦% પાણી નીકળી ગયું. ઘરમાં 'જેન્ટસ–મેમ્બર'ની ગેરહાજરી. એક અંગત મિત્ર ડો. કુડિયાસાહેબને બોલાવી આવ્યા તો બી. પી. ઝીરોની આસપાસ હતું.

હું બેભાન અવસ્થામાં જ હતો. મને ખાતરી જ હતી કે આજે મારી 'ચિર–વિદાય' છે.

છ–સાત ડોક્ટર્સ, અનેક ઇંજેક્શન્સ, પછી જ્યારે મારી આંખો ખુલી ત્યારે મેં કહ્યું–"આવજો, હું જઉં છું, કોઇનો વાંક કાઢતા નહિ, મારા દીકરાને ભણાવજો, વીમાનું પ્રિમિયમ ભરી દેશો બોલ્યું ચાલ્યું માફ."

એક મિત્ર–ડોક્ટર ડાબા હાથની 'પલ્સ' ચાલી ન જાય તેની મથામણમાં મારા હાથ ઉપર જ બેસી ગયા હતા. શરીર ભૂરું પડવા માંડયું હતું. મારા મિત્રો શરીરને ગરમ રાખવા પગના તળિયે બામ ઘસવા લાગ્યા.

અચાનક મારાં પત્નીએ, મારી માતાનો હાથ પકડી

કહ્યું–"બા ! શીરડી સાંઇબાબ લાકડીને ટેકે પગથિયાં ચઢી આવી ગયા છે, હવે તમારા દીકરાને કંઇ નહિ થાય !"

આ બાજુ ડૉ. કુડિયા સાહેબે કહ્યું–"છેલ્લો પ્રયત્ન ! મને દોષ ન આપતા !"

જે ઇંજેક્શન ગ્લુકોઝના બાટલામાં નાંખીને આપવું જોઇએ તે સીધું ડાબા હાથની 'નસ' (પલ્સ)માં આપતાં જ હાર્ટ ધમણની જેમ ગતિ કરવા લાગ્યું. શરીરમાં સિંહ જેવી તાકાત આવી. ચાર–પાંચ જણ મને પકડીને બેસી રહ્યા.

બીજે દિવસે સવારે નવી હોસ્પિટલ, નવા ડોક્ટર્સ, મિત્રો, છાત્રો વચ્ચે ગ્લુકોઝનાં બાટલા ચાલુ હતા. સૂર્યનું પ્રથમ કિરણ મારા પુનર્જન્મનો સંદેશ લઇ પ્રકટ થયું.

□


વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.

ફોન : ૨૭૬૨૯

બહારગામના ચેક તથા ડ્રાફ્ટ કાઢી આપનાર

## દીપક ટ્રેડલીંક

**શ્રોફ એન્ડ કમીશન એજન્ટ**

સ્વામીનારાયણ શેરી સામે, દાણાપીઠ, રાજકોટ–૧

સહયોગી પેઢી–દીપકકુમાર એન્ડ કું. ભાવનગર, ફોન : ૪૨૨૦૪૧; ૪૨૨૦૨૫

દીપક ફાઇનાન્સ, અમદાવાદ, ફોન : ૨૧૪૨૬૮૯, ૨૧૪૬૭૨૯

દીપક કોર્પોરેશન, મુંબઇ, ફોન : ૨૦૧૫૪૮૮, ૨૦૦૫૦–૧૬

દીપક એસોસીએશન, વડોદરા, ફોન : ૫૫૬૨૬૯




## જાહેર આમંત્રણ

# નવરાત્રિ જપયજ્ઞ શિબિર

અમને જણાવતાં આનંદ થાય છે કે વિદેશની ધરતી ઉપર પ્રથમવાર પૂ. મા સર્વેશ્વરીજીના મૌનસાન્નિધ્યમાં અમારે આંગણે નવરાત્રિ જપયજ્ઞ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તો એ મંગલ પ્રસંગે સૌ સાધક ભાઇબેનોને પધારવા પ્રેમભર્યું આમંત્રણ આપીએ છીએ.

**તારીખ :** ૧૩ ઓક્ટોબર–૧૯૯૬ થી ૨૧ ઓક્ટોબર–૧૯૯૬ [કુલ નવ દિવસ]

**દૈનિક કાર્યક્રમ :** પ્રભાતપ્રાર્થના, ચંડીપાઠ, પ્રણામ, મંત્રગાન, ધૂન, ભજન, પૂ. શ્રીની અમૃતવાણી, વાર્તાલાપ, ગરબા વગેરે.

**વિશેષ નોંધ :** સૌ સાધક ભાઇબેનો માટે રહેવાની તથા ભોજનની સુવિધા રાખવામાં આવી છે.

| સ્થળ | નિમંત્રકો |
|---|---|
| ઓઝોના (ટેક્ષસાસ)<br>અમેરીકા<br>Comfort Inn<br>Po. Box–127<br>Ozona. Tx-76943<br>Phone : (915–392–5065)<br>(915–392–3012) | સૌ. નયના જગદીપ ભક્ત<br>તથા<br>સૌ. શારદાબેન રમેશભાઇ ભક્ત<br>(કપૂરાવાળા)ના<br>જયયોગેશ્વર |

▭

# આત્મચિંતન

પં. દેવકૃષ્ણ શાસ્ત્રી

## ભૂમિકા

રાજા જનક પછી આ સંસારમાં બે પ્રસિદ્ધ રાજર્ષિ થઈ ગયા છે—એક તો ભારતવર્ષના સમ્રાટ અશોક અને બીજા રોમન-સામ્રાજ્યના માર્ક્સ ઓરેલિયસ. માર્ક્સ સમ્રાટ અશોક પછી લગ-ભગ ચારસો વર્ષ પછી ઈ. સ. 161 થી ઈ. સ. 180 સુધી રાજશાસન કર્યું હતું.

માર્ક્સની આત્મચિંતનની આ ટિપ્પણીઓ બીજાઓ માટે લખવામાં આવી નહોતી. એમના દેહાવસાન પછી કેટલીય શતાબ્દીઓ વીત્યા બાદ એમના લેખોની હસ્તપ્રત મળી આવી હતી. એ પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવી હતી. આ ટિપ્પણીઓ એક જ વખતે લખાઈ નથી. પોતાના વ્યથિત અને ચિંતિત આત્માને વારંવાર સમજાવવા તથા સાંત્વના દેવા આ ટિપ્પણીઓ લખવામાં આવી છે. આમાં પોતાને જ 'તમે' કહીને સંબોધન કરવામાં આવ્યું છે. કોઈ બીજી વ્યક્તિને ઉપદેશ ન દેતાં માર્ક્સ ઓરેલિયસ પોતાના આત્માને ઉદ્દેશીને જ આક્ષેપ અને સમાધાન કરતા ગયા છે. આમ છતાં પોતાના માટે લખવામાં આવેલી આ ટિપ્પણીઓનો સંગ્રહ સદાને માટે ઉપયોગી બને એવો ઉત્તમ વૈરાગ્યદીપક છે. હજારો માણસોને આ પુસ્તકે શાંતિ અને શક્તિ આપી છે. ઇંગ્લેન્ડના મહાપુરુષ મનાતા જોન સ્ટુઅર્ટ મિલે અને જોન મોર્લેએ કહ્યું છે કે, 'માર્ક્સ ઓરેલિયસના આ પુસ્તકથી કેટલાયનો ઉદ્ધાર થયો છે. આ 'આત્મચિંતન'થી આપણને રાગદ્વેષરહિત સાચી તપશ્ચર્યાનો તથા વિવેકયુક્ત ગાર્હસ્થ્ય જીવનનો ઉપદેશ મળે છે. સુખ અને દુઃખ માણસના પોતાના જ હાથમાં છે. સુખ-દુઃખની અવસ્થા આંતરિક છે, બાહ્ય નહીં. આ હકીકતને માર્ક્સે કેટલાય પ્રકારે સમજાવી છે. 'આખું જગત એક પ્રાણવાન વ્યક્તિ છે, જેના તમે અંગમાત્ર છો. જગતનું હિતચિંતન કરવું એ તમારો સ્વાભાવિક ધર્મ છે. વિવેકપૂર્વક વર્તવું એ જ તમારો ધર્મ છે અને એમાં જ તમારું કલ્યાણ છે. વ્યક્તિને માટે કોઈ એક બનાવ દુઃખરૂપ હોવા છતાં સમષ્ટિને માટે એ લાભદાયક જ હોય છે. આથી ભલે ગમે તેવા કષ્ટનો સામનો કરવો પડે, તોપણ ચિત્ત સ્થિર રાખવું જોઈએ.'



આ સત્યો વિસ્તારથી સમજાવીને માર્ક્સ પોતાના મનને ધીરજ અને સમાધાન અર્પે છે. મનની અવિચલ અવસ્થાને જ તેમણે ઈશ્વરભક્તિ અને આનંદરૂપે વર્ણવી છે. સાધારણ મનુષ્ય આવો આનંદ સાહસપૂર્વક કેવી રીતે પ્રાપ્ત કરે આનો માર્ગ રાજયોગી માર્ક્સે બતાવ્યો છે.

— ચક્રવર્તી રાજગોપાલાચાર્ય

### 1

સવારમાં ઊઠતાંવેંત આ પ્રમાણે મનન કરો :

આજે કદાચ મારે કોઈ તોફાની માણસોનો સામનો કરવો પડે; કદાચ ઘોર હિંસા થતી મારે જોવી પડે; કૃતઘ્ન, વિશ્વાસઘાતી, ઈર્ષ્યાળુ અને ચરિત્રહીન માણસોને કદાચ મળવું પડે, આવા માણસોના બધા ગુનાઓનું કારણ એમનું અજ્ઞાન છે. સારું-માઠું પારખવાની શક્તિ એમનામાં નથી. પણ હુ તો સમજું છું કે, કઈ

વસ્તુ સારી છે અને કઇ ખરાબ છે. હું ભલાઇમાં સુંદરતા અને બૂરાઇમાં વિરૂપતા જોઇ શકું છું. કદાચ મારી સાથે કોઇ ખરાબ રીતે વર્તે તોપણ હું સમજું છું કે, એ માણસ મારો કોઇ આપ્તજન છે. કદાચ કોઇ પણ પ્રકારનો શારીરિક સંબંધ ન હોય, તોપણ આધ્યાત્મિક દૃષ્ટિએ જોવામાં આવે તો એ મારો ભાઇ—બંધુ જ છે. પરમાત્માનો જ અંશ અમારા બંનેના અંતરમાં રહેલો છે. આ સત્યને આપણે સારી રીતે સમજી લઇએ તો કોઇ આપણને શું નુકસાન કરી શકે? મારા સિવાય મારું કોણ બગાડી શકે? મારી સાથે ગેરવર્તન કરનારો માણસ જો મારો નાનો ભાઇ જ છે, તો પછી હું એના ઉપર રોષ કે એનો દ્વેષ કેમ કરું?

દુનિયામાં આપણે બધા હળીમળીને રહેવા માટે જ જન્મ્યા છીએ. જેમ હાથ અને પગ, આંખોની બંને પાંપણો અને ઉપર નીચેના દાંત એકબીજાને પૂરો સહકાર આપે છે, એ જ રીતે માણસે પણ એકબીજાનાં કામોમાં સહકાર આપવો જોઇએ. પોતાના આ કર્તવ્યને ભૂલી જવું અને એથી ઊલટું વર્તવું એ અસ્વાભાવિક છે. ઉપર ઉપરથી આપણે સારો વ્યવહાર રાખતા હોઇએ, પણ જો મનમાં ક્રોધ અને દ્વેષ રાખીએ તો આપણું એ આચરણ પ્રકૃતિવિરુદ્ધ બને. બહારનો ઢોંગ પ્રકૃતિના નિયમો પ્રમાણે સહકાર આપી શકતો નથી.

2

માણસ જેને 'હું' કહે છે એ શરીર ખરી રીતે હાડ, માંસ, મન વગેરેનું એક સંમિશ્રણ છે. કોઇ પણ ક્ષણે શરીરનો અંત આવી શકે છે. શરીરને ક્યારેય મહત્ત્વ ન આપો. હાડપિંજર જેવું આ શરીર નશ્વર છે. આપણે જે શ્વાસ લઇએ છીએ તે પણ એક



એવી જ અનિત્ય વસ્તુ છે, જે પ્રતિક્ષણે અંદર જતાંવેંત જ બહાર આવે છે.

શરીરનો સંચાલક આત્મા શરીર અને પ્રાણથી જુદો છે. જરા વિચારી જુઓ, તમે તો હવે વૃદ્ધ થયા. તમારું મન હજીય પરાધીન કેમ છે? સમુદ્રનાં મોજાં ઉપર આમતેમ ઊછળતાં તણખલાંની જેમ તમારું મન અસ્થિર કેમ છે? દુનિયાની બાબતમાં અને જે તમારા બંધુઓ છે તેમની બાબતમાં તમે જરા પણ વિચાર કરતા નથી અને પોતાની જ સ્થિતિ વિષે ચિંતામાં ડૂબ્યા રહો છો! ભવિષ્યની બાબતમાં ચિંતા ન કરો.

3

જગતમાં જે કાંઇ થાય છે એ સારા ઉદ્દેશથી જ થાય છે. અણુઓનું એકત્ર થવું અને જુદું પડવું એ જ બધી વસ્તુઓની ઉત્પત્તિનું અને વિનાશનું કારણ છે. આ સંસારની રચના માટે પણ શરીરનો જન્મ તથા મરણ અનિવાર્ય છે. અણચિંતવ્યા બનાવો પણ આ જ કારણે ક્યારેક ક્યારેક જરૂરી બને છે. બધું ભગવાનને આધીન છે. અણુમાત્ર પણ એમની ઇચ્છા વિરુદ્ધ ચાલી શકતું નથી.

તમે તો આ સંસારના એક અંશ માત્ર છો. સંસારના વ્યવહાર નિભાવવા માટે સ્વાભાવિક રીતે કોઇ પણ બચાવને તમે દુઃખદ માનશો નહીં. આ સંસારમાં જેટજેટલી વસ્તુઓ છે એ બધી પોતપોતાનો વખત આવ્યે ફેરફાર પામે છે અને ઘસાતી જાય છે, કુદરતનો એ નિયમ છે. આ જ જગતનું સ્વરૂપ છે. આ સત્ય સમજીને તમારે શાંતિ કેળવવી જોઇએ. આ તત્ત્વને સમજીને પોતાનું જીવન આગળ ધપાવો. પુસ્તકોનું વધારે પડતું વાચન

છોડો. એ છેવટને વખતે ઉપયોગમાં નહિ આવે. પુસ્તકિયું જ્ઞાન મૃત્યુસમયે તમને સંતોષ કે સમાધાન આપી ન શકે. પોતાના જીવનમાં તમે જે કાંઇ સુખ મેળવ્યું છે એ માટે પ્રભુનો આભાર માનો અને તમારે જે કાંઇ દુઃખ ભોગવવું પડયું હોય એને કુદરતનો અનિવાર્ય નિયમ સમજીને શાંત ચિત્તે પ્રાણ છોડવા માટે તૈયાર રહો.

(ક્રમશઃ)

**સુવાક્ય**

ભક્તને માટે દારૂડિયાનો વેશ લેવો પણ સારો નહિ, એવી બધી બાબતોમાં મન બહુ વખત સુધી રાખવાથી હાનિ થાય. જેમ કે ધોબીનું ધોયેલું કપડું, જે રંગમાં બોળો તે રંગનું થઇ જાય. **રામકૃષ્ણ પરમહંસ**

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨



# જંગલમાં મંગલ દર્શન

ગોકુળ

[નોંધઃ-પૂ. મા હાલ અમેરિકામાં છે. તેઓની સાધના એકધારી ચાલી રહી છે. તેઓ મૌન પાળી જપયજ્ઞમાં વ્યસ્ત રહે છે. અત્યારસુધીમાં તેઓના સવા કરોડ જેટલા જપ થયા છે. પૂ. માનું સ્વાસ્થ્ય સારું છે. આ વિગત પૂ. મા જેમને ત્યાં નિવાસ કરે છે તે બેન તરફથી મળેલ છે. પૂ. માનું ભારત આવવાનું નિશ્ચિત નથી.

મૌન સાધના દરમ્યાન પણ પૂ. માએ પ્રભુના આદેશાનુસાર "યશોમતીપાર્ક"ની યાત્રા કરી તેનો આ લેખ અમેરિકાથી ફેક્સથી અમોને તા. ૨૧-૭ ના રોજ મોકલાવેલ. લેખ થોડો લાંબો છે, પરંતુ તે એક સાથે જ પ્રસિદ્ધ કરવાયોગ્ય જણાતાં, સામાન્ય રીતે બીજા જે લેખોનો સમાવેશ અધ્યાત્મમાં થતો, તેમને આ મહિને રજુ કરાઇ શક્યા નથી, તો લેખકો અને વાંચકો ક્ષમા કરે. —તંત્રી]

ભારતની પવિત્ર દેવભૂમિમાં પૂ. મા સાથે યાત્રા કરવાનું ભાગ્ય હજુ નથી મળ્યું, કારણ કે પૂ. માનો "મા" તરીકેનો પરિચય હજી હમણા જ શરૂ થયો છે. શ્રી રામકબીર મંદિરમાં ૧૭ જૂન ૧૯૯૬ ને દિવસે કાર્યક્રમ હતો તેમાં પ્રથમ દર્શન પૂ. માનું કર્યું. ત્યારથી એમના જીવનને સમજવા, એમને ઓળખવાના પ્રયત્નો કર્યા કરું છું. એમની કૃપાથી જાગ્યા ત્યારથી મારી સવાર શરૂ થઇ છે. ને તેમાં વળી પૂ. મા સાથે યાત્રા કરવાની તક મળે એ મારું પરમ ભાગ્ય છે.

અમેરિકામાં વળી યાત્રા? એવું વાચકને લાગશે, પણ સાચા

સંતના એક એક પગલામાં તીર્થ પ્રગટ થાય તેવું સાંભળ્યું છે. મા જ્યાં જ્યાં જાય તે તીર્થ કહેવાય, ને સાથે અમે જઇએ એટલે તે અમારી તીર્થયાત્રા જ કહેવાયને! ભારતમાં તો કેટલા બધાં તીર્થો દરેક તીર્થમાં દર્શન પણ જુદા જુદા પ્રભુનાં થાય. અમે પણ આ યાત્રામાં જુદા જુદા તીર્થનાં દર્શન ને જુદા જુદા રૂપનાં દર્શન, પૂ. માની અંદર કરીને સંતોષ પામ્યા. એ દર્શન કરતાં કરતાં એમનું સતત સાંનિધ્ય પામ્યા. જાણે માના અંકે બેસી યાત્રાની મીઠી મોજ માણી.

અમેરિકાની અમારી આ યાત્રાનું સ્થળ હતું યશોમતી પાર્ક. આ નામ જ જાણે યશોદા માતાની યાદ કરાવે તેવું છે. યશોમતી પાર્ક એટલે લોસએન્જલસ શહેરથી ઉત્તર દિશામાં લગભગ ૨૭૫ માઇલ દૂર આવેલો વિશાળ પર્વતીય જંગલનો વિસ્તાર, જેમાં વિશ્વનાં મોટામાં મોટા અને જૂનામાં જૂનાં વૃક્ષો આવેલાં છે. પર્વતીય વિસ્તારમાં પાણીના મોટા ધોધ, ઝરણાંઓ વહે છે. કેટલાંક વૃક્ષો ૨૭૦૦ વર્ષ જૂનાં છે તો કેટલાંક વળી ૩૦ ફૂટ જેટલા ડાયામીટરના ઘેરાવાવાળા થડવાળાં વૃક્ષો પણ જીવંત છે. એના ઉપરથી ખ્યાલ આવશે કે યશોમતી પાર્ક જોવા જેવો છે.

જવાનું નક્કી થયું, મનમાં થતું હતું કે આ પ્રવાસ મુસાફરી કે ટૂર કે વેકેશન નથી, આ તો યાત્રા છે. એટલે થોડા નિયમો પણ પાળવા પડશે, પૂ. માની સાથે રહેવાનું મળશે. એમના જીવનને નજીકથી જોવાનું મળશે. એવી સરસ કલ્પના સાથે, વળી થોડું બંધન રહેશે એવા ડર ને સંકોચ સાથે, ૧૫ સીટના નાના વાનમાં યાત્રા શરૂ થઇ.

તારીખ ૧૧ જુલાઇ ૧૯૯૬ ના મંગલ પ્રભાતે, ૧૧ પ્રણામને



યાત્રાના આરંભની પ્રાર્થના સાથે સૌ વાનમાં ગોઠવાઇ ગયા. મુખ્ય રસ્તા ઉપર આવતાં જ અમને સૌને યોગામૃતનું પુસ્તક આપવામાં આવ્યું, એમાંથી નીચેની પ્રાર્થના સમૂહમાં શરૂ થઇ.

(૧) યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના,<br>સાથી બનજો યોગેશ્વર પરમાત્મા.

(૨) યોગેશ્વર બાવની,

(૩) સ્તવનમાળા,

(૪) વંદના,

(૫) આરતી,

(૬) જય ભરતખંડ જય હિમાલય, જય બોલો અડસઠ તીર્થની,<br>જય જય બોલો સમર્થ સંત, યોગેશ્વર ભગવંતની.

ભારતનાં પવિત્ર તીર્થોનો જય જયકાર થયો ત્યાં જ પૂ. માએ અમને ચોકલેટ ને ફળનો પ્રસાદ આપ્યો. ઘણા બધા કલાકોની એકધારી મુસાફરીમાં વચ્ચે અમે સૌ બે વાર ઊતર્યા પણ પૂ. મા તો સ્થિતપ્રજ્ઞની જેમ એક જ બેઠક ઉપર એકધારું બેસી જ રહ્યાં. અમારે માટે એ વાત વિશેષ નોંધવા જેવી હતી. એમના હાથથી સતત મંત્રજપ ચાલુ જ હતા, ના કોઇ થાક કે ના કંટાળો કે ના કોઇ ફરિયાદ. આનંદથી શાંતિથી; પ્રસન્નતાથી એક જ બેઠક ઉપર બેઠેલાં પૂ. માનું દર્શન અમારે માટે નવું હતું.

યશોમતી પાર્કમાં રહેવા માટે મુખ્ય રસ્તા ઉપર ઘણી ઘણી મોટલો હોય છે. પણ અમારો ઉતારો નાના રસ્તે જંગલના અંદરના ભાગમાં શાંત એકાંત વાતાવરણમાં મારા અમેરિકન મિત્ર શ્રી જોનની એક કેબીનમાં ગોઠવાયો હતો. સરનામું હતું એટલે એ જગ્યાએ આવ્યા તો તે જગ્યા બહારથી ખંડિયેર જેવી

જૂની દેખાતી. એ કેબીન જોઈને જ અમને તો મૂંઝવણ થઈ અરે! પૂ. માને આપણે અહીં ક્યાં લાવ્યા! બીજે કોઈ મોટલમાં ઉતારવાં પડશે. બંધ કેબીનનું તાળું ખોલ્યું તો અંદર ત્રણ બેડરૂમ, એક મોટો લીવીંગ રૂમ, એક રસોડું, એક ડાઈનીંગ હોલ હતો.

પૂ. મા ૧૫, ૨૦ મિનિટ પછી પ્રભુના સ્વરૂપ સાથે કેબીનમાં આવ્યાં. દાખલ થતાં જ પ્રસન્ન થઈ ગયાં. દરેક ઓરડામાં ફર્યા ને છેવટે સ્લેટમાં લખી આપ્યું, "સરસ જગ્યા છે, મૌન એકાંત માટે આ સરસ બંગલો છે." એ લખાણ વાંચતાં જ અમને હાશ થઈ ગઈ. અમારી ધારણા ખોટી પડી, જેને અમે કેબીન કહીએ તેને પૂ. મા બંગલો નામ આપે! આપણી ને પૂ. માની દૃષ્ટિ ને સમજ-શક્તિમાં આટલો ફેર.

પૂ. મા માટે રૂમ તૈયાર કરી દીધો, ત્રણે ઓરડામાં ફરી પલંગ પર પૂ. મા બેઠાં, અમે સૌ પણ તે રૂમમાં નીચે બેસી ગયા. નાનકડી પ્રાર્થના કરી "ૐ યોગેશ્વરાય નમઃ", "ૐ સર્વેશ્વર્યૈ નમઃ"નું ૧૦ મિનિટ મંત્રગાન કરી અમારો સામાન ઉતાર્યો.

અમે સૌ ગોઠવાતાં હતાં, ત્યાં તો પૂ. મા બંગલાની બહાર નીકળ્યાં, બંગલાની છેક પાસે કુદરતી ઝરણું વહેતું હતું ત્યાં પહોંચી ગયાં. અમે પણ દોડયા, ઝરણાના ઠંડા પાણીમાં સૌએ પગ ધોયા, કંચનબેન, મણીબેન, સરસ્વતીબેનને પણ પૂ. માએ બોલાવ્યાં ને કાળજી રાખીને ઊર્મિલાબેન સાથે એ ત્રણેને ઉતાર્યાં. ઝરણાનો ખળખળ અવાજ શાંત વાતાવરણમાં સરસ લાગતો હતો. થોડીવાર પછી સૌ પાછા વળ્યા, ત્યારે તો પૂ. માએ જાતે થોડી પગદંડી સાફ કરીને રસ્તો કર્યો. સાથેના યાત્રીઓની સરસ સંભાળ રાખવામાં પૂ. મા કુશળ છે, તે જોવા મળ્યું.



પૂ. માને તો આજે પાણી વગરનો આ વર્ષનો ૧૦૧ મો ઉપવાસ હતો. પણ અમારે તો ભોજન જરૂરી હતું. પૂ. મા એ જાણતાં જ હતાં. અમારી મૂંઝવણ એ હતી કે અહીં જ રસોઈ કરીશું તો પૂ. માથી ગંધ સહન ના થશે તો સાથે લાવેલું ભાથું જ ભોજન તરીકે લેવું પડશે. પરંતુ અહીં તો પૂ. માએ સામે ચાલીને તરત જ સ્લેટમાં લખ્યું, "હવે બનાવો ખીચડી ને પ્રેમથી કરો ભોજન." મૂંઝવણનો મંગલ ઉકેલ સામેથી મળી ગયો. આનંદ. ખીચડીનું ભોજન તૈયાર થઈ જતાં અમે સૌએ "આ અન્ન બ્રહ્મારૂપ છે"ની પ્રાર્થના કરીને તૃપ્તિ અનુભવી.

એ બંગલામાંથી જાડા કાપડનો એક હીંચકો મળ્યો એટલે તેને બહાર જે વૃક્ષો હતાં તેની વચ્ચે દોરીથી બાંધી દીધો. પૂ. માને જાણ કરી, તેઓ ખુશ થઈ ગયાં, તેમને પણ હીંચકો પ્રિય છે, એવું સમજાઈ ગયું.

ભોજન પછી રાતે સત્સંગ શરૂ થયો. માને તો લગભગ ૧ વર્ષથી મૌન છે. છતાં અહીં બેઠક શરૂ થઈ. સ્લેટમાં પૂ. માએ લખ્યું, "આજનો કાર્યક્રમ પ્રાર્થના ને કવિતાનો." શાળામાં ભણેલા તે કવિતાને પ્રાર્થના યાદ કરીને સૌએ ફરજીયાત ગાવાની.

સૌ વિચારવા લાગ્યા, દરેકને એક બે લીટી યાદ આવી. કંચનબેન ને ઊર્મિલાબેનને એક એક કવિતા લગભગ પૂરી ગાઈ. પૂ. માએ બાકીના બીજા બધાઓની અધૂરી કવિતા કે પ્રાર્થના લગભગ પૂરેપૂરી લખી બતાવી. અધૂરી લીટીઓ પૂ. માએ પૂરી કરી આપી. એમની યાદશક્તિ વંદન કરવા જેવી લાગી. "જે દેવી બધા જીવોમાં સ્મૃતિરૂપે વસી રહી" એ લીટી પૂ. માએ સાચી પાડી.

બાળપણની એ કવિતાઓ કયી હતી?

(૧) ઊઠો જાગો થયું સવાર. (૨) ખારા ખારા ઉસ જેવાં પાણી રેલમછેલ. (૩) તે પંખીની ઉપર પથરો. (૪) ઊંટ કહે આ સભામાં. (૫) જ્યાં જ્યાં નજર મારી ફરે. (૬) ડુંગર કેરી ખીણમાં. (૭) રક્ત ટપકતી સો સો જોળી. (૮) સૌનું કરો કલ્યાણ. સાંભળવા મળી. રાતે ફરીથી યોગામૃતમાંથી, યોગેશ્વરબાવની, આરતી કરી, વંદન કરું પ્રભુ ચરણોમાં, ગાઇને સત્સંગ પૂર્ણ થયો. સૌએ વિશ્રામ કર્યો.

આખો દિવસ પૂ. માને નજીકથી જોવાનો લ્હાવો મળ્યો. મુસાફરીનો થાક તો બધાને સરખો જ લાગેને! છતાં પૂ. માએ અમારાથી વહેલો વિશ્રામ ના કર્યો, છેવટ સુધી સાથે જ પ્રસન્નતાથી રહ્યાં.

અમારો થાક ઉતર્યોને રાતની ઊંઘ પૂરી થઇ તે પહેલાં તો પૂ. મા જાગી ગયાં, સ્નાન કરી લીધું, ૧૨૫ પ્રણામ કરી લીધા ને બંગલાની બહાર હીંચકા ઉપર બેસી પણ ગયાં. હાથમાં મંત્રજપની માળા ચાલુ જ હતી.

અમે સૌ જલ્દી જલ્દી પરવારીને પૂ. માના પ્રભાતકાળના એ દર્શન કરવા વારાફરતી પહોંચી ગયા. પ્રણામ કરીને ચૂપચાપ પાછા બંગલામાં આવી પણ ગયા. મા તો મંત્રજપની મસ્તીમાં હતાં. વાતાવરણ શાંત ને સરસ હતું. ઝરણાના પાણીનો અવાજ કાનને ગમતો હતો. એક બે પંખીઓ ઝીણું ઝીણું કંઇક બોલતાં હતાં. વૃક્ષોની વચ્ચે હીંચકો સરસ લાગતો હતો ને તેમાં વળી પૂ. મા તો બધા કરતાં સરસ લાગતાં હતાં. વાતાવરણમાં થોડી ઠંડક હોવાથી પૂ. માએ શ્વેત વસ્ત્રો ઉપર સ્વેટર ને માથે પાઘ જેવી ટોપી પહેરી



હતી. એક પગ જમીન પર મૂકીને હીંચકે ઝૂલતાં માનું સ્વાગત કરવા ધીમે ધીમે પૂર્વ દિશામાંથી સૂર્ય પ્રગટ થઇ રહ્યો હતો. પ્રભાતનું પૂ. માનું એ દર્શન અમારે મન અમૂલ્ય ને પહેલું હતું. અમારી આંખો જાણે ધન્ય બની ગઇ.

યશોમતીપાર્કમાં આજે જૂનામાં જૂનું ને મોટામાં મોટું નાગવા નામનું વૃક્ષ જોવાનો કાર્યક્રમ હતો. વાનમાં બેઠા એટલે સવારની પ્રાર્થના સમૂહમાં કરવામાં આવી. બે માઇલ પગે ચાલીને ઊંચે કઠિન ચઢાણ હતું ત્યાં જવાનું હતું. યાત્રામાં ત્રણ બેનો પૂરો લાભ ના લઇ શક્યાં, બાકીના અમે છ તો તૈયાર. પૂ. મા સૌથી આગળ ઝડપથી, આનંદથી ચાલવા માંડયાં. ચઢવા માંડયા, અરે, વચ્ચે વચ્ચે દોડવા પણ માંડયાં. વૃક્ષ ઐતિહાસિક હતું. જોવાની ઇચ્છા હતી એટલે સૌ પહોંચી ગયાં. પાછા વળતાં પણ થાક અમને લાગ્યો. પૂ. મા તો એ જ સ્ફૂર્તિ, એ જ મસ્તી હતી. ના થાક કે ના ધીમી ચાલ. જાણે શક્તિનો મોટો ધોધ.

બપોરે બંગલામાં આવીને ભોજન લઇને થાક્યા પાક્યા અમે સૌ ઘસઘસાટ ઊંઘી ગયા. પૂ. મા તો બપોરે પણ પાછાં પેલા હીંચકા પર પોતાના પાઠ કરતાં બેઠાં હતાં.

બે કલાક સુધી પૂ. માએ અમો સૌને સુવા દીધા, પછી અચાનક અંદર આવ્યાં. હું રસોડામાં ખુરશી ઉપર બેસી વાંચતો હતો. પૂ. માએ રસોડામાં આવીને ચમચો શોધીને હાથમાં લીધો. મને થયું "માને ખાવાનું નહીં ને ચમચો શા માટે લે છે? ત્યાં તો વળી તપેલીનું મોટું ઢાંકણ પણ લીધું ને એકાદ મિનિટમાં તો રસોડાની બહાર નીકળી ચમચાથી ઢાંકણ ઉપર ઘંટ વગાડતાં વગાડતાં લીવીંગરૂમમાં જ્યાં સૌ ઘસઘસાટ ઊંઘતા હતા ત્યાં

પહોંચી ગયાં. સૌને જગાડવાનો ઉત્તમ ઉપાય પૂ. માએ શોધી કાઢયો. સૌ હસતા હસતા ઊઠી ગયા. આટલા બધા વાગી ગયા એની સૌએ નોંધ લીધી. પૂ. માના આ રમૂજી સ્વભાવની વિશેષતા અમને આ રીતે માણવા મળી.

આજે બપોરે વાન જેવું બંગલા પાસે આવ્યું ને બંધ કર્યું ત્યાં જ આગળના ભાગમાંથી ધૂમાડો નીકળવા માંડયો ને કંઈક બળી રહ્યું છે એવી ગંધ ફેલાઈ ગઈ, સૌ ગભરાઈ ગયા, હવે મોટી મુસીબત આવી પડી શું હશે? મીકેનીકને બતાવવું જ પડે. સાંજે ગેરેજમાં લઈ જવાનું હતું. પણ સૌ ઊંઘી ગયા. થોડે સુધી ફરી ચલાવીને ટેસ્ટ કરી જોયો. વાંધો ના આવે એવું વિચારી સાંજે ફરી પાછા પર્વતના ઊંચા નીચા વિસ્તારોમાં ફરવા નીકળી ગયા. ચાર દિવસ રોજ રોજ એવી લાંબી મુસાફરી કરી, પરંતુ છેવટ સુધી કોઈ મુશ્કેલી ના પડી. એ ધુમાડો એ બળવાની ગંધ જાણે અદૃશ્ય થઈ ગઈ! જાણે માએ કોઈ લીલા ના કરી હોય?

એકવાર એક ઝરણા પાસે ઉપર પર્વત ઉપર ચઢીને ઊંચામાં ઊંચું વૃક્ષ જોવા રસ્તો શોધવાનો હતો. અમે સૌ શોધ માટે ચાલવા લાગ્યા. અચાનક માએ તાલી પાડીને રસ્તો બતાવ્યો. અમે સૌ ખૂબ ખૂબ લાંબુ ઊંચુ ચઢયા, અહીં પણ દોડયા, પૂ. મા દોડે એટલે અમો સૌ પણ જોડાઈ જઈએ. તે વૃક્ષનું થડ પણ ખૂબ જાડુ હતું. થાક તો અહીં પણ લાગ્યો પણ દર વખતની જેમ મા તો તાજગી જ અનુભવતાં હતાં.

બીજે દિવસે વળી એક ઊંચો ને મોટો ધોધ જોવા ગયા. ત્રણ બેનો ચાલી શકે તેમ ન હોવાથી, પૂ. મા વાનમાં જ બેસી રહ્યાં. અમે બધા તે ધોધને દૂરથી જોઈને આવી ગયા, પૂ. માને કહ્યું,



"સરસ છે," તુરત જ પૂ. મા તૈયાર. અમે જ્યાં ઊભા રહીને જોયેલો, તે જગ્યાએ પહોંચી ગયાં. ત્યાં તો એક નાનકડો પૂલ હતો. પછી ત્યાંથી મોટી મોટી શીલાઓ ઉપર ચઢી ને લગભગ ૧૦૦૦ ફુટની ઊંચાઈ ઉપર ધોધની છેક પાસે જઈ શકાય તેવું દેખાતું હતું. નાના મોટા અનેક પ્રવાસીઓ ત્યાં ભારે શ્રમ વેઠીને ચઢતા હતા. પૂ. માએ અમને ઈશારો કરી સમજાવ્યું "ચાલો જઈએ, ચઢીએ ને ધોધની છેક પાસે જઈએ." પૂ. મા હિંમત કરે ને ચાલવા માંડે એટલે અમારે પણ જવું જ પડે. જવું જ જોઈએ એવી પ્રેરણા મળે. પૂ. મા આગળ ને અમે પાછળ. ખૂબ મોટા પથ્થરો. ઓરડા જેવડા મોટા ને ઊંચા, છતાં તેના પર મક્કમ પગલાં ભરતાં પૂ. મા ચઢી ગયાં. કેટલીક જગ્યાએ કૂદકો મારીને ચઢવું પડે, કેટલીક જગ્યાએ બેસીને ધીમેથી ચઢવું પડે. અને છેવટે ત્યાં પહોંચ્યા. એનું એક કારણ મા સાથે હતાં. બે વાર તો અમે દૂરથી જ દર્શન કરીને વળી ગયેલા. માને લીધે છેક પાસે જઈ શક્યા. કોઈની પણ મદદ લીધા વિના મા ચઢયાં ને ઉતર્યાં. ફરી પૂલ ઉપર આવી પણ ગયા. ત્યાં તો વળી પાછા ફરીને પૂલ નીચે જ્યાં નદી જેવું વહેણ હતું, ઘણા ત્યાં પણ જતા હતા. મા પણ ત્યાં પહોંચી ગયાં. પાછળ પાછળ અમે નદીમાં અંદર પાણીમાં વચ્ચે જે પથ્થરો હતા તેના પર પૂ. મા બેસી ગયાં. અમે પહોંચી ગયા એટલે અચાનક પાણી લઈને અમારા સૌ ઉપર ખૂબ પ્રસન્નતાથી છાંટવા માંડયાં. અરે, પોતે પણ પોતાના શરીર પર છાંટયું અમે કહ્યું, "મા અમારું તો ગંગા સ્નાન થઈ ગયું. આ અમેરિકન ગંગા, અમને તો આજે તમે ધન્ય કરી દીધા."

ભારતમાં તો ગંગા સ્નાન નથી થયું પણ અમેરિકાની આ નાની ગંગા નદી છે તેમાં માના વરદ હસ્તે જાણે આજે અચાનક

સ્નાન થયું એવો સંતોષ લીધો. આ આખો પ્રસંગ યાદ રહી જાય તેવો અલૌકિક હતો. બધાનાં કપડાં ભીનાં થઇ ગયાં છતાં ખૂબ આનંદ હતો. પાછા ઉપર મોટા મોટા પથ્થરો પર ચઢીને પૂલ ઉપર જવાનું હતું. ચઢતાં મારો પગ સહેજ લપસી ગયો. ફ્રેક્ચર ના થયું, ભાંગી ના ગયો કે ના તડ પડી. પૂ. માએ પોતાની દિવ્ય શક્તિથી રક્ષા કરી લીધી હશે એવું માનું છું.

એક વાર એક તળાવ પાસે અમે સૌ યાત્રીઓ ગયા. ત્યાં સરસ કુદરતી સૌંદર્ય હતું. તળાવમાં પથ્થર પણ હતા. અંદર જતાં એક પથ્થર ઉપર મા તો બેસી ગયાં તે પથ્થર ઢળતો હતો કે જ્યાં ઊભા રહેવાની પણ મુશ્કેલી પડે. ત્યાં પૂ. મા જોતજોતામાં પદ્માસન વાળી આંખ મીંચીને ધ્યાન મગ્ન બની ગયાં! અમારી સાથે અમારા જેવા જ બનીને ફરતાં મા ધ્યાનમાં બેસી જાય ત્યારે ખ્યાલ આવે કે આપણી ને માની કેટલી કક્ષા જુદી છે. અમે સૌ ચૂપચાપ પૂ. માની આસપાસ બેસી ગયા. અમારે માટે આ દર્શન પણ નવું જ હતું. ગુરુદેવ સાથેનું સતત જોડાણ જ પૂ. માને પદ્માસન વળાવી દેતું હશે.

આ આખીયે યાત્રા માટે શ્રી ભગવાનજીભાઇએ ખાસ વિડિયો કેમેરો નવો જ ખરીદ્યો. એટલે પહેલા દિવસથી જ યાત્રાનું હાલતું ચાલતું આંખે દેખાય તેવું અમૂલ્ય ભાથું વિડિયો ને ફોટાદ્વારા બંધાતું રહ્યું. જીવનની આ યાદગાર યાત્રા શ્રી ભગવાનજીભાઇના શોખથી દીપી ઊઠશે. ભારે કેમેરા લઇને ઉપર નીચે ચઢવાનું, દોડવાનું, અઘરું છતાં તેઓ સતત એ બધાં દૃશ્યોને કેમેરામાં કંડારતા ગયા. તેથી અમારું એ કાયમી સંભારણું સદા માટે જીવતું જ રહેશે. તે માટેનો બધો જ યશ શ્રી ભગવાનજીભાઇને આપવો પડે.



આ યાત્રા પહેલાં પૂ. માને છેક નજીકથી જોવાનો ઘણો સમય મળ્યો ન હતો. કદાચ બે ત્રણ કલાક સત્સંગ સમયે પાસેથી માને મળ્યા હોઇશું. પણ તે કલાકોમાં પૂ. મા જાણે પ્રેમની ગંગા હોય એવું લાગતું. મનમાં થતું હતું કે કોઇ પણ વ્યક્તિ એક બે કલાક મળીએ તો તે સારી જ લાગે, પ્રેમાળ પણ લાગે. પણ જો તે વ્યક્તિ સાથે ૪–૫ દિવસ સતત સાથે રહેવાનું થાય તો જ સાચી ખબર પડે કે તે કેવી છે? તેનો પ્રેમભાવ કેવો છે? પૂ. મા માટે પણ થતું કે યાત્રામાં ચાર–પાંચ દિવસ સાથે રહેવાનું થશે તો ખરેખર એવો જ પ્રેમભાવ મને મળશે કે કેમ? અમારી શંકા અહીં પણ ખોટી ઠરી. પૂ. માનો પ્રેમભાવ તો સૌ યાત્રીઓ ઉપર એકસરખો વહેતો હતો, ને જાણે રોજ રોજ તે વધતો જ જતો હતો. મને તો આ યાત્રા પછી લાગ્યું છે કે જીવનભર એક સરખો પ્રેમ વરસાવ્યાં કરે. તેવાં તેઓ પ્રેમથી ભર્યાં ભર્યાં લાગે છે.

યાત્રાની બીજી રાતે પણ સત્સંગ થયો. રોજ રોજ સવાર સાંજ નિયમિત સમૂહ પ્રાર્થના તો થાય જ. રાતના એ કાર્યક્રમમાં સૌને લેખિત સૂચના મળી. આજે તમારે સૌએ તમારા જીવનનો યાદગાર પ્રસંગ ફરજીયાત કહેવો. અમે સૌએ વિના સંકોચે એ પ્રસંગ કહી સંભળાવ્યા. ત્યારબાદ છેલ્લી રાતે સત્સંગની બેઠકમાં અચાનક જ પૂ. મા આવ્યાં ને અમને સૌને એક એક પેપર ને પેન આપી. સ્લેટ ઉપર સૂચના આપી. "આ યાત્રા તમને કેવી લાગી તેના પર લખો. કોઇ કોઇને બતાવે નહીં." અમે દલીલ કરી, "મા તમે પેપર તપાસવાની તાલિમ પણ ભૂલી ગયાં હશો, રહેવા દો આ પરીક્ષા. પરંતુ માએ તો એમાં કોઇ ફેરફાર ના બતાવ્યો. અમારી કોઇની તૈયારી ન હતી. છેવટે પૂ. માએ લખ્યું, "ચાલો, સૌને (એ) ગ્રેડ આપીશ પણ લખો." છેવટે અમે જેવું

આવડે તેવું ૧૦–૧૨ વાક્યમાં સૌએ લખીને આપ્યું. એટલે પૂ. મા ખુશ થઇ ગયાં. શ્રી કંચનબેનને ઇશારો કરી કંઇક લખીને સૂચના આપી. થોડી જ વારમાં કંચનબેન પેલું ખીચડીનું તપેલું ને વાડકી ને ચમચી લઇને બેઠકખંડમાં આવ્યાં. અમે તો સહુ ભોજનથી પૂર્ણરૂપે ધરાયેલા હતા, પણ આ તો માની ઇચ્છા. સૂચના હતી ને એટલે ફરીથી એ પ્રસાદ લેવો જ પડે. સૌને તે પ્રસાદ અપાયો પણ આ શું? આ તો કંઇક નવી જાતનો, સરસ, ના ચાખેલો એવો ઉત્તમ પ્રસાદ લાગ્યો. અરે મા! આમાં એવું તે શું જાદુ કર્યું કે ખીચડી જાણે મહાપ્રસાદી લાગે છે! તમારી આ રસોઇ ઉપરથી અમને લાગે છે કે તમે સારા રસોઇયા પણ હશો.

પૂ. માએ ખીચડીને એક નવું સ્વરૂપ અપાવીને તેને મહાપ્રસાદમાં પલટાવી સૌને પરમતૃપ્ત કરી દીધા. હે વાચકો! તમારે પણ તે મહાપ્રસાદી ચાખવી હોય તો પૂ. માને મળો ત્યારે પૂછી લેજો. દરેકે તે સ્વાદ લેવા જેવો છે. પૂ. મા જાણે અન્નપૂર્ણા બનીને અમે જે મહાપ્રસાદ લેતા હતા તે જોઇ જોઇને પ્રસન્ન થતાં હતાં. આ પ્રસંગ સામાન્ય લાગે, પણ મને તો થયું પૂ. મા બધા યાત્રીઓ સાથે કેટલાં બધાં ઓતઃપ્રોત થઇને કેટલા બધા પ્રેમથી બધાને એક સાથે એક સરખી રીતે મઝા કરાવે છે.

જીવનમાં અમારી આ પહેલી યાત્રા હતી કે જેમાં અમને ઘર ના યાદ આવ્યું. ટી. વી. કે ન્યુઝપેપર પણ વાંચવાની ઇચ્છા ના થઇ. કે ના મારી અતિપ્રિય રમત ગોલ્ફ પણ યાદ આવી. ઘરે તો રોજ પેપર વાંચવું જ પડે. રોજ ટી. વી. જોવું જ પડે, ગોલ્ફ રમવા જવું જ પડે. એ બધા વળગણો અહીં જંગલમાં ભૂલાઇ ગયા. ગમે ત્યાં જાઉં પણ રોજ ઘરે ફોનથી મળવાનો મારો સ્વભાવ અહીં છેક બદલાઇ ગયો! આ જંગલમાં કોણે અમને



આ બધું ભૂલાવી દીધું? કોનો એ પ્રભાવ હતો? અરે, મા સર્વેશ્વરીની પ્રેમભરી જાદુઇ લાકડી જેના ઉપર ફરે તે સૌની એ જ દશા થતી હશે. અમે સૌ જાણે કોઇ બીજા જ લોકમાં અભાવોની વચ્ચે, પ્રતિકૂળતાની વચ્ચે મોજથી રહેતા હતા. અતિપ્રિય પદાર્થો પણ પૂ. માના પ્રેમધોધ સામે ફિક્કા લાગ્યા. પવિત્રપ્રભુપ્રેમનો કેવો ચમત્કાર!

યાત્રામાં ખૂબ મઝા આવી. આટલી બધી સફળ યાત્રા થશે એવી કલ્પના પણ ન હતી. હું, કિશોર અને ઊર્મિલાબેન આ યાત્રામાં નવા હતાં. છતાં જૂના સૌ યાત્રીઓએ અમને ખૂબ સારી રીતે સ્વીકારી લીધા. જાણે એ બધા પરિવારના સભ્યો બની ગયા. સમૂહમાં કેવા પ્રેમથી રહેવાય તેનો ઉત્તમ પાઠ આ યાત્રા યોજીને પૂ. માએ અમને શીખવ્યો.

પાછા એલ. એ. (લોસ એન્જેલેસ) તરફ આવવાનું હતું, પણ સૌને એ બંગલો, એ ખીચડી, એ કાર્યક્રમ ખૂબ ગમતો હતો. સંજોગોને લીધે પાછા વળવું જરૂરી હતું. માર્ગમાં અમે અખરોટ, બદામ, પીસ્તાં, ઓલીવ, પ્લમ, પીચનાં લીલા ફળોની વાડીઓ જોતા જોતા પાછા વળતા હતા.

માર્ગમાં પૂ. માએ અચાનક લખ્યું, "અહીંથી નિવેદિતાનું ઘર કેટલે દૂર?" અને સૌનો અભિપ્રાય માંગ્યો, ને અચાનક નિવેદિતાના ઘર તરફ ગાડી વાળી. કલાક પછી સ્થાન પર આવી ગયા. તેઓ તો ત્યારે લોસ એન્જલસ ગયાં હતાં તેઓ પાછા આવ્યાં ત્યાંસુધીમાં ત્રણ વર્ષથી તૈયાર કરેલા મંદિર જેવા પૂ. માના ખાસ ઓરડામાં માએ આરામ કર્યો. અમે સૌ સ્નાન વગેરે કરી ભોજનથી નિવૃત્ત થયા ત્યારે શ્રી ધનસુખલાલને નિવેદિતા આવ્યાં. તેમને પણ સત્સંગનું સુખ આપી મોડી રાતે અમે ત્યાંથી વિદાય

લીધી. એ બન્ને યજમાનોને પૂ. માના અચાનક દર્શનથી અતિ આનંદ થયો.

યાત્રાના છેલ્લા કલાકો શરૂ થયા. કસોટી હતી સૌની. ઊંઘવાનો સમય ક્યારનો શરૂ થઇ ગયો હતો. નિરાંતે આરામ કર્યો પણ વાનના સારથી શ્રી ધીરૂભાઇ ને કિશોર સાથે પૂ. મા જાગતાં જ રહ્યાં. વચ્ચે વચ્ચે ચોકલેટ આપતાં આપતાં સાડા ત્રણ કલાકો પસાર કરાવી દીધા.

યાત્રા પૂર્ણ થઇ. શ્રી કૃપાળુધામ આવીને સૌ સાથે પૂ. માએ ૧૧ પ્રણામ કરી, "ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ"ની પ્રાર્થના કરાવી, આ યાત્રામાં પૂ. માના જીવનને નજીકથી જોવાનો, એમના સ્વભાવ વિશે ઘણું ઘણું જાણવાનું મળ્યું. એમના પાણી વગરના ઉપવાસો જોવના મળ્યા. ભયંકર ગરમીમાં પથ્થરો પર, પહાડ ઉપર ચઢતાં ઉતરતાં એમને જોયાં. અમે તો સૌ પાણી પીતા જ રહ્યા, ને સામે પક્ષે પૂ. મા એક પણ પાણીનું ટીપું લીધા વિના આનંદથી હસતાં જ રહ્યાં. આ બધું નજરે જોયું ત્યારે શ્રદ્ધાથી માથુ નમી જાય.

યાત્રા દરમ્યાન વ્યવહાર કુશળ મા સૌનો અભિપ્રાય લઇને નિર્ણયો લેતાં જોવા મળ્યાં, પોતાના અંગત જપ કે ઉપવાસ કે પ્રણામના નિયમમાં કોઇનો પણ અભિપ્રાય ના લેતાં. હિમાલયની જેમ અડગ રહેતાં, માને પણ જોયાં. કોઇ પણ નિર્ણય લીધા પછી તેનો તરત જ અમલ કરતાં માને પણ અમે જોયાં.

અમારા મિત્ર શ્રી જોન ઉપર પણ પૂ. માએ કેવો પ્રેમભાવ બતાવ્યો. તે પણ જાણવા જેવું છે. એ મિત્ર માટે પોતે તો હીંચકે બેસીને આભાર સાથે પ્રાર્થના કરી, પણ અમારા સૌ પાસે પણ સમૂહમાં એને માટે પ્રાર્થના કરાવી. પૂ. માએ પોતાના તરફથી



આભાર માનતું લખાણ અને એક પુસ્તક પણ આપ્યું. દુનિયામાં સૌને એક સરખો પ્રેમ તો મા જ આપી શકે. કેવો અજોડ ને ઉદારતાથી ભર્યો એમનો પવિત્ર પ્રેમભાવ!

આ યાત્રામાં ખૂબ આનંદ થયો. નવી નવી પ્રેરણા મળી. નવા નવા અનુભવો મળ્યા. પૂ. માને ઓળખવાની સમજવાની સુંદર તક મળી. અતિ નિયમિત પ્રાર્થના કરાવતાં, પ્રાર્થના પ્રેમી મા, અનુકૂળ થઇ જતાં મા, હીંચકે ઝૂલતાં મા, સૌની સલાહ લેતાં મા, કવિતાઓ યાદ રાખતાં મા, ઘંટ વગાડી જગાડતાં મા, સતત હસતાં રહેતાં મા, ગંગાસ્નાન કરાવતાં મા, એક જ આસને બેસી રહેતાં મા, પ્રેમના ધોધ જેવાં મા, પેપર લખાવતાં મા, નવી વાનગી ચખાડતાં મા, સંસાર ભૂલાવતાં મા, મોજ કરાવતાં મા, થાક્યા વિના હિંમતભેર ચઢતાં મા, દોડીને પથ્થર પર પદ્માસન લગાવતાં મા, અચાનક ભક્તોને દર્શન આપતાં મા, વ્યવહારકુશળ મા, કેટલા બધા જુદા જુદા રૂપે દર્શન પામ્યા. આ યાત્રાના દિવસોમાં જાણે અડસઠ તીર્થ ફરી લીધાં. પાણીવેગે દિવસો પસાર થઇ ગયા. ફરી પાછી આવી જ યાત્રા વધારે દિવસોની થાય તો કેવું સારું, એવું વિચારતા વિચારતા કૃપાળુધામથી છૂટા પડયા.

સામાન ઉતારી લીધો. વાન ખાલી હતું. અમારા આશ્ચર્ય વચ્ચે પૂ. મા ફરી વાનમાં એકલાં બેસી ગયાં. થોડી મિનિટો અમને દર્શન આપી નીચે ઉતર્યાં ત્યારે અમે અમારે ઘરે જવા વાનમાં બેઠા. પૂ. મા રૂમમાં બારણામાં ઊભા રહ્યાં. અમારું વાન જ્યાંસુધી દેખાયું ત્યાંસુધી અમારે માટે જાણે પ્રાર્થના કરતા કરતા ઊભાં જ રહ્યાં. જાણે પૂ. માને પણ છૂટા પડવાનું વસમું લાગતું હશે. જે હોય તે. પણ પૂ. માનું એ દર્શન મને જન્મ આપનારી મારી માતાનું સ્મરણ તાજુ કરાવતું ગયું. હું જ્યારે જ્યારે ભારત જતો

ને જ્યારે પાછો અમેરિકા આવતો, ત્યારે મારી માતા આજ રીતે બારણામાં બહાર ભીની આંખે ઊભી રહે અમારી ગાડી દેખાય ત્યાંસુધી દૂર દૂર સુધી પોતાના આશીર્વાદ વરસાવતી માતા આજે તો પૃથ્વી પર નથી, પણ ભગવાન મારા ઉપર કૃપા કરીને જન્મ આપનારી માતાનો પ્રેમ પૂ. મા દ્વારા વરસાવી રહ્યા છે. એ માતાની ખોટ પૂ. મા પૂરી પાડે છે. સાચે જ પેલા કવિએ લખ્યું તે પૂ. મા માટે સાચું જ લાગે છે.

"જનનીની જોડ સખી નહીં જડે રે લોલ,
ગંગાના નીર તો વધે ઘટે રે લોલ.
સરખો એ પ્રેમનો પ્રવાહ રે."

હે મા! ફરી ફરી યાત્રા કરાવજો, જીવનભર માતાની મીઠી છાંયડી ધરતાં રહો.

### ચૂંટેલાં પુષ્પો

મૂલ્યવાન હીરો સુવર્ણની વીંટીમાં જ શોભે, પિત્તળની વીંટીમાં તો એનો મહિમા જ માર્યો જાય છે. એવી રીતે માનવધર્મનો અમૂલો હીરો પણ માનવતાવાળા માનવીમાં જ શોભે છે, દીપે છે.

* * *

કરકસર એ સમૃદ્ધિના વૃક્ષનું ખાતર છે. જ્યારે ઉડાઉપણું સમૃદ્ધિનો શત્રુ છે. નાની નાની બાબતોથી બેદરકારીમાંથી આ શત્રુ અંતરવેલની જેમ ફાલે છે અને તે સમૃદ્ધિના વૃક્ષને સૂકવી નાંખે છે.



# કૃષ્ણજનેતા દેવકી

કનૈયાલાલ જોશી

માતૃત્વની ભાવના, સંવેદના અને આદર્શને અભિવ્યક્ત કરતા પાત્રો આપણા પુરાણો તથા મહાકાવ્યોમાં ઉપલબ્ધ છે. કુંતા, કૌશલ્યા, અદિતિ, અનસૂયા જેવાં પાત્રો તો માતૃત્વના આદર્શ છે. આ સર્વમાં દેવકી ચિરસ્મરણીય છે. માતૃત્વની અસીમ કરુણતા એટલે દેવકી.

શકુંતલાદ્વારા પ્રાપ્ત થાય છે જનક અને પાલક પિતાની વિભાવના : રાજર્ષિ વિશ્વામિત્ર શકુંતલાના જનક જ્યારે મહર્ષિ કણ્વ શકુંતલાના પાલક પિતા. શ્રીકૃષ્ણદ્વારા પ્રાપ્ત થાય છે જન્મદાતા જનેતા અને પાલક માતાની વિભાવના : શ્રીકૃષ્ણની જન્મદાતા જનેતા એટલે દેવકી, જ્યારે યશોદા છે શ્રીકૃષ્ણની પાલક માતા.

યદુકુળ રાજા આહુકને બે પુત્રો : ઉગ્રસેન અને દેવક. રાજા દેવકને કુલ અગિયાર સંતાન, ચાર પુત્રો અને સાત પુત્રીઓ. તેમાં સર્વથી નાની પુત્રી તે દેવકી. દેવકી નમણી હતી, રૂપવંતી હતી, સૌમ્ય હતી, સદ્‌ગુણી હતી.

રાજા ઉગ્રસેનને નવ સંતાનો, તેમાં સર્વથી મોટો કંસ. કંસના જન્મ વિશે તો એવી કથા છે કે, કાળનેમિ નામના અસૂરના અંશથી તેનો જન્મ થયો હતો. તેના સ્વભાવ અને વર્તનમાં બાળપણથી જ આસૂરી તત્ત્વોનાં દર્શન. દૂધપાન કરતાં બાળકોને માતાના ખોળામાંથી ઉપાડી તેમને જમીન પર પટકવામાં કંસને ઓર આનંદ થતો. તળાવ તટે કે મંદિરના ચોકમાં ખેલતી

બાલિકાઓને અંગે ક્રૂરતાથી ચાબૂક ફટકારી તેમને રડાવવાં એ તો કંસની રોજની રમત! પાઠપૂજા કે પ્રભુકીર્તન કરતા વૃદ્ધોને રંજાડવામાં કંસને અનહદ આહ્‌લાદ. આ કંસ વિશે માન્યામાં ન આવે એવી આશ્ચર્યજનક વાત કેવળ એક જ હતી, નાનકી દેવકી પ્રત્યે તેને અપાર પ્રેમ. કલ્પી ન શકાય એવાં લાડ દેવકીને તે લડાવે. આ પ્રેમ, આ રાગ–અનુરાગની પરાકાષ્ઠા તો એ હતી કે દેવકીના લગ્નપ્રસંગે ઘણીખરી જવાબદારી–કામગીરી તેણે જ અદા કરી હતી. લગ્ન પછી દેવકીને શ્વસુરગૃહે લઈ જતા રથનો સારથિ કંસ પોતે બન્યો.

દેવકીનાં લગ્ન પણ નારીજીવનની એક સનાતન સમસ્યાને વાચા આપે છે. 'દીકરી અને ગાય દોરે ત્યાં જાય.'–એ કહેવત આદિકાળથી જનસમાજમાં જીવંત હતી. એ સમયે બે રાજવંશ; આ બંને વંશો વચ્ચે વેર. બે ચકમક ઘસાતાં તણખા ઝરે એવાં વેર. આ વેરને નિવારવાના ઉદ્દેશથી રાજા ઉગ્રસેને પોતાના નાના ભાઈની પુત્રી દેવકીનાં લગ્ન રાજા શૂરના પુત્ર વસુદેવ સાથે યોજ્યાં. લગ્ન વિશે માતાપિતા કેવાં સમીકરણો ઉકેલતાં હતાં!

હા, દેવકીનાં લગ્ન ધામધૂમથી થયાં. અગિયાર દિવસ સુધી લગ્નોત્સવ. ભોજનમાં અનેક મિષ્ટાન્ન, મનોરંજનમાં અનેકવિધ કાર્યક્રમો, રાત્રિએ પાછી રોશની અને આતશબાજી. ખરી આતશ-બાજી તો દેવકીને વિદાય અર્પતાં આકાશવાણીએ સર્જી. નવ-દંપતીને બેસાડી રથને કંસ હંકારી રહ્યો હતો, નગરના રાજમાર્ગ પરથી આ રથ પસાર થઈ રહ્યો હતો અને અચાનક આકાશવાણી સંભળાઈ : 'દેવકીના આઠમા પુત્રને હાથે કંસનું મૃત્યુ થશે.'

આકાશવાણી સાંભળતાં જ કંસના હાથમાંથી રથના અશ્વોની લગામ સરી પડી, ને વીજળી માફક તેણે મ્યાનમાંથી તલવાર ખેંચી. લગ્ન–ઘાટડી ઓઢેલા દેવકીના શિર પર તોળાઈ રહેલો તલવારવાળો હાથ વસુદેવે પકડી લીધો. એ સમયે સમજાવટને લીધે કંસ માની તો ગયો. તેણે દેવકીની હત્યા ન કરી. પણ એ સમજાવટની અસર લાંબા સમય સુધી ન ટકી. એક સામાન્ય માણસ પોતાના પ્રાણની રક્ષા માટે આંધળિયા પ્રયત્નો કરે છે, ત્યારે કંસ તો આસૂરી અંશો ધરાવતો હતો. તેના રગેરગમાં રાક્ષસો વસ્યા હતા. તે શું ન કરે? તેણે વસુદેવ અને દેવકીને બંદીવાન બનાવ્યાં.



સીતા અને દ્રૌપદીએ તેમના જીવન દરમ્યાન વનવાસ ભોગવ્યો, પરંતુ દેવકીનો કારાવાસ તો વનવાસ કરતાં પણ અધિક દુષ્કર હતો. વીસ વીસ વર્ષો સુધી વિષમ કારાવાસ. કારાગૃહની પાષાણી દીવાલોને ઓળંગીને નહોતો આવતો વૃક્ષોનો પર્ણરવ, નહોતો પ્રવેશતો પક્ષીઓનો કલરવ કે નહોતો સંભળાતો નદી યમુનાનો મર્મર ધ્વનિ. એ દારૂણ દીવાલો વચ્ચે ઘૂંટાતો હતો આ દંપતીઓનો શ્વાસ–ઉચ્છ્‌વાસ, એ ભીષણ દીવાલો વચ્ચે પડઘાતો હતો આ પતિ–પત્નીનો વિલાપ. પાતાળનાં પાણી ખૂટી જાય પણ આંખ્યુમાંથી વહેતાં નીર કદી ખૂટતાં નથી. તેમાંયે દેવકીના કુખે એક પછી એક જન્મેલા છ છ બાળકોની નિર્દય હત્યા થઈ, ત્યારે જનેતાની વેદનાને સ્વયં સરસ્વતી પણ વર્ણવા અસમર્થ હતી.

આમ, અસહાય આંસુડાં માફક વર્ષો વહી રહ્યાં હતાં, અને દેવકીએ સાતમા સંતાનનો ગર્ભ ધારણ કર્યો. વિધિની યોજના કોણ પામી શક્યું છે? દેવામાયા, પોતાની દૈવીશક્તિદ્વારા દેવકી પાસે આવી. દેવકીના ઉદરમાં રહેલા ગર્ભને ગ્રહીને તેણે તેને ગોકુળમાં રહેતી વસુદેવની એક અન્ય પત્ની રોહિણીના ઉદરમાં

આરોપીત કર્યો. 'ટિસ્ટટ્યુબ ચાઇલ્ડ'ના સફળ પ્રયોગદ્વારા થતી ગર્ભાધાનની ક્રિયાદ્વારા વર્તમાન વિજ્ઞાને આ ઘટનાને યથાર્થ ઠરાવી છે. રોહિણીના કુખે જન્મેલ આ પુત્ર એટલે બલરામ.

કંસના અમાનુષી કૃત્યો અને દુરાચાર–પાપાચારથી ત્રાસી ગયેલા પ્રજાજનો દેવકીના આઠમા પુત્રની પ્રતીક્ષા કરી રહ્યા હતા. તેમના શ્વાસમાં, ઉચ્છ્વાસમાં, હૃદયની ધડકનમાં, એક જ ઝંખના હતી : ક્યારે અવતરશે તારણહાર? ક્યારે જન્મશે જગતનાં દુઃખો-ને ફેડનાર કિરતાર? અને શ્રાવણ માસના કૃષ્ણપક્ષની અષ્ટમીની મધરાતે મથુરાના કારાગૃહમાં થયો શ્રીકૃષ્ણનો જન્મ, જે પરિ-ણમ્યો 'નંદઘેર આનંદભયો'ના ઉત્સવમાં.

પરંતુ દેવકીના રૂદનને તો ખાળવા કારાગૃહની દીવાલો પાસે કશું જ નહતું. તેની આંખોમાંથી નીતરતાં ઊનાં ઊનાં આંસુડાંને લૂછવા દેવકીના ચિરનો પાલવ પણ ફાટેલો હતો. શ્રાવણ તો વર્ષમાં એકવાર, દેવકીના લોચનિયે શ્રાવણ સદાકાળ.

ગોકુલમાં યશોદાની આંખોનો તારલો બન્યો નંદકિશોર, કારાગૃહમાં દેવકીની આંખોમાં તો અશ્રુધારા.

ગોકુલમાં યશોદાના મનને જુદી જુદી રસક્રીડાઓથી કલાવી રહ્યો હતો નટખટ કાનુડો; કારાગૃહમાં દેવકીના મનને પ્રજાળી રહ્યો હતો પુત્રવિરહ.

નાના અમથા વાંસના ટુકડાને સાત છિદ્રો પાડી, તેની બનાવી વાંસળી. વાંસળીમાંથી સાત સૂરોને રેલાવી નાગર નંદાજીના લાલે ગોકુલને ઘેલું ઘેલું કરી મૂક્યું. દેવકીના રુદિયાને તો સાત છિદ્રો નહિ, શત શત છિદ્રો હતાં. તેમાંથી માત્ર એક જ રાગ રેલાતો હતો, અને તે રુદનનો રાગ!



ગોકુલમાં યશોદાને નંદનો છૈયો કનૈયો પોતાના મુખમાં સકળ બ્રહ્માંડનાં દર્શન કરાવે છે, મથુરાના કારાગૃહમાં દેવકીને શૂન્યાવકાશ સિવાય કશું જ ભાસતું ન હતું.

મથુરાના કારાગારની દીવાલો એવી કે તેને ઓળંગીને તેના લાડલા દીકરા વિશે એકેય વાવડ દેવકીને સાંભળવા ન મળે. તેને કોણ કહે કે તારા કનૈયાએ તો ટચલી આંગળી પર ગોવર્ધન પર્વતને ઊપાડયો! તેને કોણ સંભળાવે કે તારા કનૈયાએ નદી જમુનાના જળ મધ્યે રહેતા કાળીનાગને નાથ્યો! દેવકીના કાને એ સમાચાર ક્યાંથી પહોંચે કે તેના કનૈયાને હણવા કંસે કરેલા સઘળા પ્રયત્નો કનૈયાએ જ નિષ્ફળ કર્યા! હા, પેલી પૂતના હણાઈ. આઘાસુર હણાયો. રાક્ષસ કેશી પણ હણાયો.

વસુદેવથી દેવકીનું દુઃખ જોયું જતું ન હતું. પુત્ર વિયોગના દુઃખથી દેવકી તેના ચિત્તની સમતુલા ખોઇ બેઠી હતી. પોતાના ખોળામાં બાલુડો સૂતો છે, ને તે સ્તનપાન કરાવી રહી છે એવી અવસ્થામાં દેવકી વારંવાર બેસી રહે. રાત્રિ દરમ્યાન વારંવાર દેવકી ઝબકીને જાગી જતી ને તે હાલરડાં ગાવા માંડે. તે ક્યારેક પતિને કહે, 'અરે! આપણો લાલો કેમ રડી રહ્યો છે? શું તેને કંઇ દર્દ થઇ રહ્યું છે?' ક્યારેક કારાગૃહની કોટડીના કોઇ એક ખૂણા પાસે તે ઊભી રહે, ને કહે : 'મારા કનૈયાને તમે જોયો? ક્યારનો તે રમવા ગયો છે, હજુ સુધી તે ઘરે આવ્યો નથી!'

કારાગૃહનો પહેરો ભરતા સૈનિકો વચ્ચે માંહે માંહે થતી વાતો ક્યારેક વસુદેવને કાને પડે. તેવી કોઇએક વાતચીતદ્વારા વસુદેવે જાણ્યું કે ધનુર્યાગ નિમિત્તે બલરામ અને કૃષ્ણને મથુરા લાવવા અક્રૂરને ગોકુલ મોકલવામાં આવ્યા છે. આ સાંભળતાં જ વસુદેવના મનની શાંતિ હણાઇ ગઇ. તેને ખયું, 'મારા પુત્રોને

હણવા કંસે કોઇ કાવતરું તો કર્યું નથી? ધનુર્યાગ, અને તે કંસ યોજે? અસંભવિત! ક્યાં ફૂલની કળી જેવા મારા બે પુત્રો અને ક્યાં ક્રૂરતાનો અવતાર કંસ!' કંસના ધોબીને કૃષ્ણે હણ્યો એવું સાંભળતાં વસુદેવના અચંબાને કોઇ અવધિ ન રહી. હજુ આ આશ્ચર્ય શમ્યું નથી ત્યાં બીજું ઓર આશ્ચર્ય! મદિરાપાન કરાવી ચકચૂર મદઘેલો બનાવેલા 'કુવલયાપીડ'નામના હાથીને કૃષ્ણે હણ્યો! અરે! ચાણૂર અને મુષ્ટિક નામના બે મલને કુસ્તીમાં હરાવી તેમને કૃષ્ણે હણ્યા! આ સઘળું સાંભળી અચરજ પામેલો વસુદેવ મનની વાત કોને કહે? દેવકીએ તો સુધબુધ ખોઇ નાંખી હતી. તે તો લાડકા પુત્ર કૃષ્ણના નામની રટણા રટતી હતી!

અને આખરે એ પ્રસંગ આવ્યો. કારાગૃહમાં જયઘોષણા સંભળાઇ રહી હતી. સમુદ્રમાં જાગેલા જુવાળ જેમ જયઘોષણા! વસુદેવને થયું, કૃષ્ણનો જય સૌ શાને બોલી રહ્યા છે? ઓહ! કારાગૃહના સાત સાત દ્વારને ભીડેલા આગળા કોણ ઊઘાડી રહ્યું છે? અરે! જુઓ... જુઓ... દ્વાર ઊઘડી ગયાં! કાજળ કાળા કારાગૃહમાં અજવાળાં ઝળહળી રહ્યાં. અંધારાં આથમ્યાં, અજવાળાં પ્રગટયાં! એ અજવાળામાં દ્વારે ઊભા રહેલા બે કિશોરો દેખાઇ રહ્યા હતા. તેમના મુખ પર મોહક સ્મિત મલકી રહ્યાં હતાં. અરે! એ ટહુકો પણ સંભળાયો : 'મા! હું કનૈયો! તમારો પુત્ર કનૈયો!'

જનેતાએ એકાએક બે હાથ લંબાવ્યા. લંબાયેલા એ હાથ વચોવચ બંધાઇ ગયો લાડકો પુત્ર. માતાપિતાને બંધનમુક્ત કરાવવા આવનાર પુત્ર સ્વયં જનેતાના હાથ વચ્ચે બંધાઇ ગયો!

એ હતું માતા અને પુત્રનું દિવ્ય મિલન!



કહે છે ધરતી તો છે જગતજનની! ધરતીની સહનશીલતા અપાર છે. આપણા એક કવિએ ગાયું છે : 'ઓ ધરતી, ક્યાં સુધી ધીરજ ધરતી?' કવિના આ સવાલનો જવાબ છે. કૃષ્ણજનેતા દેવકી!

['આકાશવાણી'ના સૌજન્યથી]

## * ચૂંટેલા પુષ્પો *

આપણે જ્યારે મકાન બાંધવાનું હોય ત્યારે સૌથી પહેલો વિચાર પાયાનો કરીએ છીએ. કાચા પાયા ઉપર ઊભેલું મકાન ક્યારે ગબડી પડે તે કહી શકાતું નથી. આપણા જીવનનું પણ એવું જ છે. આજના ઝંઝટભર્યા જીવનમાં જો પાયાના તત્ત્વનો વિચાર નહિ કરીએ તો ધર્મના ગમે તેટલા બાહ્યાચારનું પાલન કરવા છતાં આપણે જીવનની સાચી શાંતિ અનુભવી શકીશું નહિ.

* * *

ચારિત્ર્ય એ માનવજીવનનો મુખ્ય પાયો છે. સુદૃઢ ચારિત્ર્યના પાયા ઉપર ચણાએલી જીવનની ઇમારત જ ગમે તેવાં વાવાઝોડાં કે ઝંઝ્રાવાતો સામે ટકી શકે. બાકી એ સિવાય ધન, સત્તા કે વિદ્વત્તા ઉપર ચણેલી ઇમારત ભવ્ય લાગતી હોવા છતાં, રેતીના પાયા ઉપર ઊભી કરેલી ઇમારત જેવી તકલાદી છે. ધન, સત્તા ને વિદ્વત્તા એ બધો જીવનનો શણગાર જરૂર છે, પણ એ ક્યારે શોભે? ચારિત્ર્યનો તેમાં પ્રાણ હોય ત્યારે.

* * *

### એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત

# શ્રી ઇંદિરાદેવી

મૂળ લેખક : દિલીપકુમાર રાય
અનુવાદ : રમણલાલ સોની
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

(ગતાંકથી ચાલુ)

## આશ્રમની બીજી મુલાકાત

ઉનાળાનો તાપ પડવા માંડયો હતો. પોંડિચેરીથી ઘેર આવ્યા પછી થોડા વખતમાં ઇંદિરા મસૂરી ગઇ. અહીં પણ એના મનની હાલત એવી જ રહી. રાત્રે સાડાદશ વાગ્યે એ ધ્યાનમાં બેઠી. અને ધ્યાનમાંથી ઊઠી ત્યારે સવાર થઇ ગઇ હતી. પહેલાં તો એને લાગ્યું કે બેઠાં બેઠાં તે ઊંઘી જાય છે, પરંતુ એક વખત એવું બન્યું કે ધ્યાનમાં બેઠા પછી એની કરોડરજ્જુના મૂળમાંથી નીકળેલો વિદ્યુતપ્રવાહ રોજ માથા પર થઇને અટકતો હતો તે આજે અટક્યો નહિ. પરંતુ પ્રવાહનો મસ્તકને સ્પર્શ થતાં જ મસ્તક ઊઘડી ગયું, અથવા કહો કે ઊઘડી ગયું હોય એવું એને લાગ્યું, અને એમાંથી એ પોતાના શરીરમાંથી બહાર નીકળી સુખનાં મખમલી મોજાં પર તરવા લાગી. વિશાળ દેહ ધારણ કરી હવાની પેઠે ફાવે ત્યાં ફરવા લાગી!

નહોતો તેના મનમાં કોઇ વિચાર, કે નહોતી કોઇ કામના, અરે, આનંદ સુદ્ધાંનું અસ્તિત્વ નહોતું. આ વખતનો લય કોઇ જુદો જ હતો. જુદી જ દુનિયા હતી. સ્થળ કે કાળનું ત્યાં કોઇ બંધન નહોતું. જો કે પોતાનું અલગ વ્યક્તિત્વ જાળવી રહી હતી. જમીન પર બેઠેલા પોતાના શરીરને તે જોઇ શકતી હતી. થોડીવાર



પછી તો એ એના શરીરમાં પાછી આવી ગઇ હતી. સવિકલ્પ સમાધિનો એનો આ પહેલો અનુભવ હતો.

વખતના વહેવા સાથે ઇંદિરાનું ધ્યાન વધારે ને વધારે ગાઢ થતું ગયું. ઘણોખરો વખત એ આત્મમગ્ન રહેતી હતી. જાણે બહારની દુનિયા એને દેખાતી નહોતી. જ્યારે એનું મસ્તક ઊઘડી જતું અને એ એના શરીરમાંથી બહાર આવતી, ત્યારે એને મુક્તિ અને શાંતિની પ્રબળ લાગણીનો અનુભવ થતો. (આપણાં ભૌતિક શરીરમાં દશ દરવાજા છે. તેમાં બે આંખ, બે કાન, બે નસકોરાં, મુખ, ગુદા અને જનેન્દ્રિ તે નવદ્વારનો આપણે અનુભવ કરી શકીએ છીએ પરંતુ મસ્તકની અંદર રહેલા દસમા દ્વારનો આપણે અનુભવ કરી શકતા નથી. વ્યક્તિના અંત સમયે જીવ આ દસ દ્વારમાંથી કોઇ પણ એક દ્વારમાંથી બહાર નીકળી જાય છે. મસ્તકમાં રહેલું દ્વાર ખુલી જાય અને જીવ બહાર નીકળી જાય અને શરીરની સમાધિ અવસ્થાનું નિરીક્ષણ કર્યા કરે એવું તો કોઇ વિરલ વ્યક્તિના જ જીવનમાં બની શકે.)

કેટલીક વાર એને લાગતું કે હું આખો વખત સ્થિર બેસી રહીને ધ્યાન કરી શકું તો પછી મારે બીજા કશાની જરૂર નથી. પરંતુ એમાં એક મુસીબત હતી. ઘરના માણસોને એમાં કાંઇ સમજ પડતી નહોતી અને ન પડે એ પણ સ્વાભાવિક હતું, તેથી તેઓ તો એવું સમજતાં ઇંદિરા ઢોંગ કરે છે. એક દિવસ એવું બન્યું કે ઇંદિરા એના કમરામાં ધ્યાનમાં બેઠી. ધ્યાનમાં છ કલાક વીતી ગયા, તોયે એ ઊઠી નહિ. પરિણામે એક અગત્યનો કાર્યક્રમ ગોઠવેલો તે રદ કરવો પડયો. એ લોકોના ઉપરાઉપરી તાકીદના ફોન પર સંદેશા આવ્યા, એટલે ઘરમાં એક જણને ગુસ્સો ચડયો. કહે કે આ ધ્યાનબ્યાન બધા ઢોંગ છે, હું હમણાં એનો ભેદ ખોલી

નાંખું છું. આમ કહી તેણે ધ્યાનમાં બેઠેલી ઇંદિરાની આંગળી પર સળગતી સિગારેટ ચાંપી દીધી. પાછળથી એ લોકોએ જ કહ્યું કે જરી હાથ હલ્યો ખરો, પણ ધ્યાન તૂટયું નહિ!

આ પ્રસંગ ઇંદિરાને માટે નિર્ણાયક નીવડયો. તેણે ફરી આશ્રમમાં જવાનું નક્કી કરી નાંખ્યું. તે સમજી કે હું ઝંપલાવતાં બીતી હતી, તેથી બહાનાં કાઢી વખત બગાડતી હતી. કિનારે બેસીને મોજાં ગણતી હતી, પરંતુ સમુદ્રમાં ડૂબકી માર્યા વગર કોઇને કદી મહામૂલુ મોતી મળ્યું છે ખરું?

ઇંદિરાએ પ્રકાશની ભૂમિમાં ફરી જન્મવું હોય તો ખોટા ચળકાટવાળી જિંદગીથી મરી પરવારવું જોઇએ.

દરેક સાધકના જીવનમાં એવો વખત આવે છે, જ્યારે એણે આ કે તે બેમાંથી એકની પસંદગી કરવી જ પડે છે. એનો અર્થ એવો નથી કે બાહ્ય વાતાવરણનો પલટો થયો એટલે બધું પતી ગયું. એનો અર્થ તો એ છે કે મક્કમ નિરધાર કરી દૈવી શક્તિની પડખે ઊભા રહેવું.

માણસ અનેક કારણસર ઈશ્વરનું શરણ શોધે છે. ગરીબ અને જીવનમાં નાસીપાસ થયેલાઓ સારા ભાવિની આશાએ એમ કરે છે. બદમાશો બીકને લીધે તેમ કરે છે. તેઓ સમજે છે કે આમ કરીને અમે માણસને અને ઈશ્વરને છેતરીએ છીએ. શ્રીમંતો શોખ ખાતર એમ કરે છે, અને બુદ્ધિશાળીઓ 'ખરેખર એ છે શું?' એ જાણવાના કુતૂહલથી તેમ કરે છે.

આ વખતે ઇંદિરાએ સજાગ રહેવાની ટેવ ખીલવી હતી. આખો વખત એ એક ખૂણે ઊભા રહીને પોતાની ચોકી કર્યા કરતી, અને પોતાની પ્રતિક્રિયાઓ અને વિચારની નોંધ કરતી. તેમ



કરતાં તેને માલૂમ પડયું કે પોતાનું આમૂલ પરિવર્તન કરવાનો તેનો નિશ્ચય છતાં, તે ફરીફરી એની એ ભૂલો કરતી હતી. એનામાં થોડું પરિવર્તન થયું હતું, ત્યારે પણ જ્યાં એની ચોકી જરા નબળી પડી કે તરત એ ભૂલથાપ ખાતી. તેથી સાવધાની એ એના આત્મ-સંયમનું એક મહત્ત્વનું અંગ બની ગયું હતું. કોઈએ એને આમ સજાગ રહેવાનું કે એક ખૂણે ઊભી રહી પોતાનો જ ચોકીપહેરો ભરવાનું કહ્યું નહોતું પણ એની મેળે જ એને સૂઝયું હતું.

## ક્રૂસ ઉપાડી ચાલતા ઈસુનું ઇંદિરાને દર્શન

ઇંદિરા આમ બોલતી હતી ત્યારે પણ તેણે એક વાર એક સુંદર દૃશ્ય જોયેલું તે તેને યાદ આવ્યા કરતું હતું. તેણે ઇસુની ઝાંખી કરી હતી. તે વખતે તેણે પોતાને કોઇ શહેરમાં પથરા જડેલી શેરીમાં થઇને ચાલતી જોઇ હતી. શેરીની બંને બાજુએ ઊંચાં મકાનો હતાં. બાજુની ગલીમાંથી કોઇ ભારે ચીજ ખેંચાતી હોય એવો અવાજ વધુને વધુ નજીક આવતો હતો.

જાડાં કઢંગા કપડાં અને પગમાં દોરડાના જોડા પહેરેલ કેટલાક માણસો આગળ ચાલતા હતા, અને તેની પાછળ એક જણ ભારથી નમી ગયેલો, ક્રૂસ જેવા આકારનું અણઘડ હાથે ઘડેલું ભારે લાકડું પીઠ પર ઊપાડીને ખેંચતો આવતો હતો. એ ઊંચકી શકે એના કરતાં લાકડું વધારે ભારે હતું. એના શરીર પર માત્ર એક લૂંગી જેવું હતું, બાકીનું આખું શરીર ઉઘાડું હતું. ટોળામાંથી રસ્તો કરીને પોતે આગળ ગઇ એવું દૃશ્ય ઇંદિરાના જોવામાં આવ્યું. તે ક્રૂસ ઉપાડીને ચાલતા માણસની નજીક પહોંચી ગઇ અને બૂમ પાડી, 'ઓ પ્રભુ, શા માટે એ લોકોને તમે આવું બધું કરવા દો છો?' આમ કહી એ એની આગળ ઘૂંટણિયે પડી રડવા લાગી. ઇસુએ ઊંચું માથું કરી એની સામે નજર કરી.

ઇંદિરાએ જોયું તો એ આંખોમાં જરા પણ દુઃખની છાયા નહોતી. કરુણાજળથી ભરેલા ઊંડાં સરોવરો જેવી એ આંખો હતી. એ અભાગિયાઓ એમને ધિક્કારતા હતા, તેમને તેમણે ક્ષમા આપી હતી, એટલું જ નહિ, તેમના પર દિવ્ય પ્રેમની વર્ષા પણ કરી હતી. પાપિયાઓ, જે પવિત્રતાની સાક્ષાત્ મૂર્તિ હતો તેને સજા કરતા હતા!' ઇસુના હોઠ સૂકાઇ ગયેલા હતા, પણ આંખોમાં મધુર સ્મિત હતું. આ અનુભૂતિથી ઇંદિરા પરિપ્લાવિત થઇ ગઇ હતી. એના મસ્તકમાંથી શાંતિનો પ્રવાહ છૂટી એના આખા શરીરમાં ફરી વળ્યો હતો!

આખો દિવસ ઇંદિરા એનાં ઢગલાબંધ સામાજિક કાર્યોમાં રોકાયેલી રહેતી હતી, એવે વખતે એને આ દૃશ્ય શા સારું દેખાશે તે વિચારમાં ઇંદિરા ડૂબી ગઇ હતી, ત્યાં લાડલી હસીને બોલી, 'પણ તને તારા પોતાના પ્રતિબિંબને બદલે હાડપિંજર કેમ દેખાયું એ મને સમજાતું નથી! મને લાગે છે કે ખુદા તને કંઇક બીજા જ રાહે લઇ જવા માગે છે! ઇંદિરા તું જ્યારે મજાકમશ્કરી કે તોફાને ચડેલી નથી હોતી, 'ત્યારે તારી આંખો પરથી તું કોઇ પર દુનિયાની હોય એવી લાગે છે! મને ઘણી વાર નવાઇ લાગે છે કે કલામય ચીજોનો તને આટલો શોખ હોવા છતાં એક વાર એ ચીજો તારા હાથમાં આવી એટલે પછી તારું મન તેના પરથી એકદમ કેમ ઊઠી જાય છે! જીવવામાં તને રસ છે, છતાં સંસાર પર પ્રીતિ નથી એમ કેમ?

('અનંતના યાત્રીઓ' પુસ્તકને આધારે)



# રામકથા

(ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

સીતાએ શાંતિથી કહ્યું : 'તમારી ભાવનાની કદર કરું છું. અને એને માટે તમને ધન્યવાદ આપું છું. એ ભાવનામાં તમારા અંતરની ઉદાત્તતાનું તથા પરગજુપણાનું પ્રતિબિંબ પડે છે. તમારો પોતાનો આત્મા કેટલો બધો ઊંચો છે એનો ખ્યાલ આપે છે. છતાં પણ હું તમારી સાથે નહિ આવી શકું. રામ, લક્ષ્મણ તથા સુગ્રીવે રાવણના નાશની લીધેલી પ્રતિજ્ઞા પૂરી થવી જોઇએ. રાવણને મારી સાથે દુર્વ્યવહાર બદલ દંડ મળવો જોઇએ. એ ઉપરાંત તમે જ કહો છો કે રામે તમને મારી શોધ કરવાનું કામ જ સોંપ્યું છે, મને એમની પાસે લઇ જવાનું કામ નથી સોંપ્યું. એટલે આપણે એમની ઇચ્છાનો અનાદર ન કરીએ એ જ ઉચિત છે. રામ જો રાવણ સાથે યુદ્ધ કરવા ન માગતા હોય તો, અને મને પાછી લઇ જવાનું કહેતા હોય તો, ફરી આવીને કહેજો તો હું વિચારી જોઇશ. બાકી મારી ઇચ્છા તો એવી છે કે, અહીંથી તમારી સાથે છૂપી રીતે પાછી જાઉં એના કરતાં રામ પોતાના બાહુબળનો પરિચય આપીને જ મને મુક્ત કરે; નહિ તો ભલે એમના વિરહની અસહ્ય વેદનામાં જ શાંત થાઉં.'

હનુમાને સીતાને શાબાશી આપી ને કહ્યું : 'રામ તમને પોતાના બાહુબળનો પરિચય કરાવીને જ લઇ જશે. આ તો તમારી પાર વગરની પીડાને જોઇ ન શકવાથી જ મેં તમારી આગળ એવો પ્રસ્તાવ મૂક્યો, બાકી હું પણ તમને રાવણને એના

દુષ્કર્મનો દંડ આપીને જ લઇ જવામાં માનું છું. એ સંબંધમાં તમારી ઇચ્છાનુસાર જ થઇ રહેશે. આજે મેં તમને રાતે સૂવા પણ ન દીધાં!'

'રામના વિરહમાં મારી નિદ્રા પણ પલાયન થઇ ગઇ છે. એ તો હવે એમનો સમાગમ થશે ત્યારે જ પાછી આવી શકશે. આજની રાત તો તમને મળવાથી મારા જીવનની એક મહામૂલ્યવાન રાત બની ગઇ. તમારા સુખદ સહવાસમાં એ કેવી રીતે ને ક્યાં પસાર થઇ ગઇ તેની ખબર જ ન પડી. બાકી રોજ રાતે રામના સ્મરણ મનનમાં મગ્ન બનીને વ્યથાનો અનુભવ કરતી બેસી રહું છું.'

'મારી આજની રાત અને આખી યે જિંદગી તમારા દર્શનથી ધન્ય બની ગઇ. એ ઘડી ધન્ય હતી કે જ્યારે રામનું દર્શન થયું અને આજની તમારા દર્શનની ઘડી પણ એટલી જ ધન્ય છે. એ ધન્યતાને મારું મન જ જાણે છે અને માણે છે.'

લાંબા વખત લગી સીતાના દર્શનના દૈવી આનંદનો અનુભવ કરીને હનુમાને કહ્યું : 'હવે તમારી સંમતિ હોય તો આ ઉપવનનાં સુંદર ફળોનું ભક્ષણ કરું અને રાવણના આશ્રિત અથવા સેવકોના બળની પરીક્ષા કરું.'

'એમ કરતાં મુસીબતમાં ન મૂકાઇ જાવ તેનું ધ્યાન રાખજો. હજુ તમારે અહીંના સમાચાર લઇને રામની પાસે પાછા જવાનું છે.'

'એ બાબત તદ્દન નિશ્ચિંત રહેજો. મારે કોઇ પણ પ્રકારની મુસીબતમાં નહિ મૂકાવું પડે. મને મુસીબતમાં મૂકવા માગનારા પોતે જ મુસીબતમાં મૂકાઇ જશે અને મૃત્યુને શરણ થશે. તમારી તથા રામની મારા પર કૃપા હોવાથી મારું લેશ પણ અમંગલ નહિ બને.'



'તો પછી મારી સંમતિ છે.'

'કાંઇ થાય તોપણ ચિંતા ન કરતાં. હું તમને પાછા જતાં પહેલાં ફરી મળીશ.'

સીતાનાં ચરણોમાં પ્રણામ કરીને, સીતાનો આશીર્વાદ મેળવીને, હનુમાન ચાલી નીકળ્યા.

હૃદયમાં રામની મૂર્તિ રાખીને એમણે અશોકવાટિકામાં સુંદર સ્વાદિષ્ટ ફળોને ખાવા માંડયાં.

કેટલાંક વૃક્ષોને પણ ઉખાડવા માંડયાં.

અશોકવાટિકાની ચોકી કરનારી, નિદ્રાધીન નિશાચરીઓ એ કોલાહલ સાંભળીને જાગી ગઇ.

એક નિશાચરી બિભત્સ શબ્દો બોલતી હનુમાનને પકડવા આગળ આવી, પંરતુ હનુમાનની વીરત્વભરી ગર્જના સાંભળીને ત્યાં જ બેહોશ બની ગઇ.

એ જોઇને બીજી નિશાચરીઓ નાસી ગઇ.

રાજપ્રસાદમાં જઇને એમણે રાવણને સમાચાર આપ્યા.

એ સાંભળીને રાવણ રોષે ભરાયો ને બોલ્યો : 'એક સામાન્ય વાનરનું આટલું બધું પરાક્રમ? એ આટલો બધો કેર વરતાવે છે, છતાં તમારાથી કશું કરી નથી શકાતું? એ વાનર કોણ છે અને ક્યાંથી આવ્યો છે? એને અહીં મારી પાસે પકડી લાવો. એને મારવાને બદલે બાંધી લાવો. જોઉં તો ખરો કે એ અહંકારી મદોન્મત્ત વાનર કોણ છે!'

રાવણે પોતાના શૂરવીર સેનાપતિ જમ્બુમાલિને બોલાવીને હનુમાનને પકડવા માટે આદેશ આપ્યો.

જમ્બુમાલિ નાની સરખી સેના સાથે અશોકવાટિકાના મુખ્ય દ્વાર પાસે આવી પહોંચ્યો.

હનુમાને એને જોઇને ભયંકર ગર્જના કરી.

સેનાનો એણે કચ્ચરઘાણ વાળી નાંખ્યો.

એ દેખીને જમ્બુમાલિ ખૂબ જ ક્રોધે ભરાયો અને હનુમાનને લલકારતો એમની ઉપર તૂટી પડયો.

બંને વચ્ચે ઘોર યુદ્ધ થયું.

પરંતુ હનુમાને આખરે એનો નાશ કરી દીધો.

હનુમાને મારેલી વૃક્ષની શાખા માથામાં વાગવાથી એ એકદમ અચેતન બની ગયો.

રાવણને જમ્બુમાલિના મૃત્યુના સમાચારથી નવાઇ લાગી ને દુઃખ થયું.

હનુમાન જેવા સામાન્ય વાનર સાથેના સંઘર્ષમાં એવા શૂરવીર સેનાપતિનું મૃત્યુ થશે એવી એને કલ્પના પણ ન હતી.

છતાં એ એમ હતાશ થાય એવો ન હતો.

એણે મંત્રીના પુત્રને મોકલ્યો, પરંતુ એ પણ ન ફાવ્યો.

હનુમાને એને પણ યમસદનમાં પહોંચાડી દીધો. (ક્રમશઃ)

**સુધારો**

'અધ્યાત્મ'ના જૂન–'૯૬ ના અંકના પાના નં. ૧૮ ઉપર 'કેવી ધન્યતા'–પ્રાર્થના છપાઇ છે તેના લેખક પિનાકીન ના. જાની નહિ, પરંતુ શ્રી આશાબેન ભક્ત છે. તો તે સુધારી વાંચવા વિનંતી.

—તંત્રી

## * શરીરની સુંદરતા આવે છે ક્યાંથી? *

જન્મ, મરણ, ઘડપણ ને રોગ શરીરને વળગેલાં છે. તેનો વિચાર કરીને ગમે તેવા સુંદર કે આકર્ષક શરીરમાં પણ મમતા ન કરવી કે મોહબુદ્ધિ ન રાખવી એવો ગીતાનો ઉપદેશ છે. માણસ શરીરમાં શું કામ લપટાય છે? એટલા જ માટે કે શરીરના બહારના રૂપ ને રંગને જ તે જુએ છે. સુંદરતા, પ્રભા કે મોહિનીથી મોહાય છે. પણ તે સુંદરતા, પ્રભા કે મોહિની આવે છે ક્યાંથી તેનો વિચાર તે ભાગ્યે જ કરે છે. તે તો શરીરની અંદર બેઠેલા પરમાત્મા પાસેથી ઉછીની લીધેલી છે. પરમાત્માના પ્રભાવથી જ શરીર આટલું આકર્ષક લાગે છે ને જીવન મેળવે છે. તે પ્રભાવ દૂર થતાં તેની પાસે બેસવાનું પણ કોઇને ગમતું નથી. કેમ કે સમય જતાં તેની દુર્ગંધ અસહ્ય બની જાય છે. તો પછી જે સુંદરતા ને પ્રકાશ શરીરનાં પોતાનાં નથી તેને માટે શરીરમાં શું મોહાવું? એક ઉડાઉ દેવાળિયાની દોસ્તી કરવાથી શો લાભ થઇ શકે એમ છે? એના કરતાં તો તેને પૈસા ધીરનાર શ્રીમંતની જ મૈત્રી કરવી જોઇએ. પણ માણસોની નજર મોટે ભાગે બહારના કલેવર સુધી જ પહોંચે છે; તેની અંદર જે આનંદનો સનાતન સાગર ને પ્રેમ તથા પ્રકાશનો પુંજ એવો પરમાત્મા રહેલો છે તેની કલ્પના પણ કોક બડભાગીને જ આવે છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * શરીરને ઈશ્વરની થાપણ સમજો *

આનો અર્થ એમ નથી કે શરીરની સંભાળ જ ન રાખવી ને તેનો તિરસ્કાર કરવો. આ સંસારમાં માણસે તિરસ્કાર તો કોઈ પણ વસ્તુ કે વ્યક્તિનો કરવાનો નથી. માણસનો જન્મ પ્રેમ કરવા ને પ્રેમના પરિપૂર્ણ સ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરવા માટે છે; કડવાશ કે ધિક્કાર માટે નહિ. તે માટે શરીર એક સાધન છે. માટે તેને સ્વચ્છ ને સ્વસ્થ તથા સુંદર જરૂર રાખવું જોઈએ. એટલે તો ગીતા શૌચનો ઉપદેશ આપે છે ને સોળમા અધ્યાયમાં શૌચને દૈવીસંપત્તિના એક મહત્ત્વના લક્ષણ તરીકે જણાવે છે. શૌચનો અર્થ શરીર ને મન બંનેની પવિત્રતા એવો કરવાનો છે. પણ ધ્યાનમાં રાખવાની વાત એટલી જ છે કે શારીરિક પવિત્રતા શરીરનું અભિમાન કે શરીરનો મોહ કરનારી ન હોવી જોઈએ. તેથી શરીરનો મોહ દૂર થવો જોઈએ ને શરીરના અંદરના સ્વરૂપનું ભાન થતાં અહંકાર ને મમતાનો નાશ થવો જોઈએ. એટલે ગીતા શરીરના વિકાસમાં શરીરની શુદ્ધિ, સ્વસ્થતા કે તંદુરસ્તીને જરૂરી માને છે : પણ સાથેસાથે શરીરની મમતા ને મોહવૃત્તિને દૂર કરવાની શિક્ષા આપે છે. એ વસ્તુ શારીરિક વિકાસમાં બહુ જ મોટો ભાગ ભજવે છે. તેનો વિકાસ થતાં માણસ શરીરને ઈશ્વરની થાપણ સમજે છે ને ઈશ્વર તથા તેની સૃષ્ટિની સેવા માટે શરીરનો ઉમંગપૂર્વક ઉપયોગ કરે છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.